**અપીલ અરજી નં.જીએડી/ઈએસટી/એફએપી/૦૧/ ૨૦૧૧–૧૨**

અરજદારઃ– શ્રી કાંતિભાઈ કેળાવાળા
સામાવાળાઃ– સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, મધ્યસ્થ મહેકમ વિભાગ

**ફરીયાદની હકીકતઃ–**

**વિષયઃ–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી કાંતિભાઈ કેળાવાળાની તા.૦૮/૦૨/૧૨ની અરજી આઈ.ડી. નં.૧૭૯૯ થી મહેકમ ખાતાના જીએડી/ઇએસટી/ થી ઈસ્યુ થતા હુકમોના આઉટવર્ડ નંબરના લાગત પાનાઓમા જીએડી/ઈએટી/૫૮૮ તા.૨૬/૦૫/૦૩ થી ઈસ્યુ કરવામાં આવેલ ઓફિસ ઓર્ડરના ખાનામાં મા.કમિશ્નરશ્રીના આદેશ અનુસાર સદર કચેરી હુકમ સરકયુલેટ કરવામાં આવેલ નથી. એમ લખવામાં આવ્યું છે તો કમિશ્નરશ્રીનો હુકમ સરકયુલેટ ન કરવાના આદેશની પ્રમાણિત નકલ આપવા બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૩/૦૩/૧૨ની અપીલ અરજી એસએમસી/ જીએડી/ઈએસટી/ એફએપી/૦૧/૨૦૧૧–૧૨.

અરજદાર શ્રી કાંતિભાઈ કેળાવાળાએ ઉકત વિષયમાં જણાવેલ અરજીથી માહિતી માંગેલી, તે અનુસંધાને સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી– મધ્યસ્થ મહેકમના તા.૦૬/૦૩/૧૨ના પત્ર નં.જીએડી/ ઈએસટી/ ૪૧૧૯ થી આપેલ માહિતીથી નારાજ થઈ સંદર્ભમાં જણાવેલ અપીલ કરેલી છે જે વરાછા ઝોનના તા.૨૮/૦૩/૧૨ના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/ઈન/નં.૯૩૫ થી નોંધાયને તા.૨૯/૦૩/૧૨ના રોજ પ્રાપ્ત થયેલી છે.

અરજદાર મજકુરની અપીલ અરજી સાથે મૂળ અરજીની નકલ કે તે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૧૯ તા.૦૬/૦૩/૧૨ની નકલ રજુ કરેલ નહી હોવાથી અત્રેથી અરજદારને તે વિગતો દિન–૫ માં પુરી પાડવા તા.૧૦/૦૪/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૨૪ થી જણાવવામાં આવેલ. પરંતુ આ અંગે અરજદારે આજદિન પર્યન્ત કોઈ વિગતો પુરી પાડેલી નથી. તેમજ તેમની નારાજગી અંગે પણ કોઈ સ્પષ્ટતા કરેલ નથી.

અરજદારની અપીલ અનુસંધાને મૂળ અરજીની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવાજોગ પુરક માહિતીની વિગતો/વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતા સહ દિન–૫ માં પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે વિભાગનો પક્ષ રજુ કરવા, માહિતીની દફતરી વિગત સ્પષ્ટ કરવા, સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી–મધ્યસ્થ મહેકમ વિભાગને જણાવતા, તેમના તરફથી તા.૨૦/૦૪/૧૨ના જાવક નં.જીએડી/ઈએસટી /૨૯૨ થી દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે. તેમા જણાવ્યા મુજબ અરજદારે તા.૦૮/૦૨/૧૨ની અરજી આઈ.ડી.નં.૧૭૯૯ થી તા.૧૮/૦૨/૧૦ની અરજી આઈ.ડી.નં.૧૫૫૭ ના અનુસંધાને પત્ર નં.જીએડી/ ઈએસટી/ ૪૧૨૨ તા.૨૦/૦૩/૧૦થી જે નકલ પુરી પાડવામાં આવેલ છે. તેમા મહેકમ ખાતાના જીએડી/ઈએસટી/ થી ઈસ્યુ થતા હુકમોની આઉટવર્ડ નંબરના લાગત પાનાઓમાં જીએડી/ઇએસટી/૫૮૮ તા.૨૬/૦૫/૦૩ થી ઈસ્યુ કરવામાં આવેલ ઓફિસ ઓર્ડરના ખાનામાં " મા.કમિશ્નરશ્રીના આદેશ અનુસાર સદર કચેરી હુકમ સરકયુલેટ કરવામાં આવેલ નથી " એમ લખવામાં આવેલ છે તો કમિશ્નરશ્રીના આ કચેરી હુકમ સરકયુલેટ ન કરવાના આદેશની પ્રમાણિત નકલ આપવા વિનંતી કરેલી તે અનુસંધાને સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી– મધ્યસ્થ મહેકમ તરફથી તા.૦૬/૦૩/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૧૯ થી સદર આઉટવર્ડ રજીસ્ટરમાંની નોંધને લગતી ભૌતિક સ્વરૂપની કોઈ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી વધુમાં ગુજરાત માહિતી આયોગના અપીલ નં.૩૩૩–૨૦૦૮–૦૯ અને ૪૪૫/૨૦૦૮–૦૯ ની અપીલ અરજીના રાજય આયોગ ધ્વારા કરવામાં આવેલ હુકમની નકલ અરજદારને પુરી પાડેલી છે. અને આ નિર્ણય થી નારાજ હોય તો એપેલેટ ઓફિસર અને પર્સોનેલ ઓફિસરશ્રી(મધ્યસ્થ મહેકમ)ને અપીલ કરવાનુ સુચિત કરેલ છે તેના અનુસંધાને અરજદારે તા.૨૩/૦૩/૧૨ના રોજ અપીલ કરી પાના નં.૮૩ ની ઝેરોક્ષ નકલ આપવામાં આવેલ છે. તેના આ.નં.૫૮૮ તા.૨૬/૦૫/૦૩ ની રીમાર્કસ " મા.કમિશ્નરશ્રીના આદેશ અનુસાર સદર કચેરી હુકમ સરકયુલેટ કરવામાં આવેલ નથી " આ પ્રમાણે લખવામાં આવેલ છે તો આ હુકમ સરકયુલેટ ન કરવા અંગેના મા.કમિશ્નરશ્રીના આદેશની પ્રમાણિત નકલ તા.૦૮/૦૨/૧૨ની અરજીથી માંગેલી છે. તે તાકીદે આપવા જાહેર માહિતી અધિકારીશ્રીને હુકમ કરવા વિનંતી કરેલ છે.

આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ)થી માહિતીની વ્યાખ્યા જણાવેલ છે જેમા માહિતી એટલે કોઈપણ પ્રકારે રહેલી કોઈપણ સામગ્રી જેમા રેકર્ડસ દસ્તાવેજો, નોંધ (મેમો)ઈ મેઈલ્સ અભિપ્રાય સલાહ સુચનો(અભિપ્રાયો) અખબારીયાદીઓ, પરિપત્રો,આદેશો લોગબુકસ, કરારો, અહેવાલો પેપરો(કાગળો)નમુનાઓ, મોડલ્સ કોઈપણ ઈલેકટ્રોનિકસ પ્રકારે રખાયેલ ડેટા મટીરીયલ્સ(સામગ્રી) અને અમલી હોય તો તેવા સમયમાં કોઈપણ કાયદા હેઠળ જાહેર સત્તામંડળ ધ્વારા ઉપયોગ (સુલભ–accessed)કરી શકાય તેવા કોઈપણ ખાનગી તંત્રને. લગતી કોઈપણ માહિતી એવુ જણાવેલ છે તે જોતા અરજદારને તા.૨૦/૦૩/૧૦ થી પુરી પાડેલી માહિતીમાં મહેકમ ખાતાના આઉટવર્ડ રજીસ્ટર પાના નં.૮૩ના આ.નં.૫૮૮ તા.૨૬/૦૫/૦૩ની રીમાર્કસ " મા.કમિશ્નરશ્રીના આદેશ અનુસાર સદર કચેરી હુકમ સરકયુલેટ કરવામાં આવેલ નથી " તેમા મા.કમિશ્નરશ્રીના લેખિત કે મૌખિક આદેશનો ઉલ્લેખ થયેલ નથી તેમજ તા.૦૬/૦૩/૧૨થી પુરી પાડેલ માહિતીમાં સદર આઉટવર્ડ રજીસ્ટરમાંના નોંધની લગતી ભૌતિક સ્વરૂપની કોઈ માહિતી ખાતાના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. એવુ જણાવી ગુજરાત માહિતી આયોગના અપીલ નં.૩૩૩–૨૦૦૮–૦૯ અને નં.૪૧૫/૨૦૦૮–૦૯ની અપીલ અરજીમાં રાજય આયોગ ધ્વારા કરવામાં આવેલ હુકમની નકલ પુરી પાડવામાં આવેલી હોય, સદર બાબતે મા.કમિશ્નરશ્રીના આદેશ ભૌતિક સ્વરૂપે કે વાસ્તવિક નકલ સ્વરૂપે રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવુ જાહેર માહિતી અધિકારી તરફથી જણાવવામાં આવેલ છે. તે ઉચિત જણાય છે.

**હુકમ**

અરજદારની મૂળ અરજી અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૮/૦૨/૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ કમિશ્નરશ્રીના આદેશ ભૌતિક સ્વરૂપે કે વાસ્તવિક નકલ સ્વરૂપે રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. એવુ જણાવવામાં આવેલ છે તે ઉચિત જણાતુ હોય તેમજ તેને લગતી અન્ય માહિતી પુરી પાડવામાં આવેલ હોય,અપીલ અંગે કંઈ કરવાનુ રહેતુ ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનેલ ઓફિસર(મહેકમ) અને**
**એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા**

નં.જીએડી/ઈએસટી/
તા. /૦૪/૨૦૧૨

ન.સ.ર.:– આસી.નોડલ ઓફિસરશ્રી(આરટીઆઈ સેલ) પ્રતિ.... જાણ માટે
ન.ર.:– સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ)અને જાહેર માહિતી અધિકારીશ્રી પ્રતિ... જાણ માટે.
ન.ર.:– શ્રી કાંતીભાઈ બી.કેળાવાલા

## અપીલ અરજી નં.૦૧/૧૨–૧૩

**અરજદાર :** શ્રી શ્રેયાંસ એ.પંડયા

**સામાવાળા :** સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી (મહેકમ)

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી શ્રેયાંસ એ.પંડયાની તા.૭/૨/૧૨ની અરજી આઈ.ડી.નં.૧૭૮૮ની અરજીથી કોન્ટ્રાકટના અને ડેઈલી વેજીસ (રોજમદાર) સબંઘી કુલ ૬ (છ) મુદૃાઓથી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૩/૪/૧૨ની અપીલ અરજી નં.NO.SMC/GAD/ FAP/01/12-13

અરજદારશ્રી શ્રેયાંસ એ.પંડયાએ તા.૭/૨/૧૨ની અરજી આઈ.ડી. નં.૧૭૮૮ થી કોન્ટ્રાકટરના અને ડેઈલી વેજીસ (રોજમદાર) સબંઘી કુલ ૬ (છ) મુદૃાઓની માહિતી માંગેલ તે સંદર્ભે સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી (મહેકમ)ના તા.૧૬/૩/૧૨ના પત્ર નં.જીએડી/ઇએસટી/૪૨૫૩ થી આપેલ માહિતીથી નારાજ થઈ, તા.૩/૪/૧૨થી અપીલ અરજી કરેલ છે. જેમાં (૧) મુદૃા નં.૧ થી ૩ નો જવાબ પૈકી મુદૃા નં.૧નો જ જવાબ સ્પષ્ટ સમજાય છે. મુદૃા નં.૨ અને ૩ નો સ્પષ્ટ જવાબ નથી. (૨) મુદૃા નં.૪ પણ સ્પષ્ટ જવાબ નથી (૩) મુદૃા નં.૫ થી ફકત કોન્ટ્રાકટ હેઠળના ઠરાવો આપવામાં આવેલ છે. પરંતુ ડેઈલી વેજીસ માટેના ઠરાવો આપેલ નથી. તે માહિતી આપવા વિનંતી કરેલ છે.

સદર અપીલ સંદર્ભે અરજદારે અપીલ સાથે જાહેર માહિતી અધિકારીએ પાઠવેલ પત્રની નકલ રજુ કરેલી નહી હોવાથી તે દિન–૫માં પુરી પાડવા માટે અરજદારને અત્રેના તા.૧૦/૪/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૨૨ થી જાણ કરવામાં આવેલ. પરંતુ તે અંગે અરજદારે કોઈ વિગતો રજુ કરેલ નથી. જયારે તા.૧૦/૪/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી / ૧૨૩ થી સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી (મહેકમ)ને અરજદારની મુળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગની નકલ આપવા જોગ પુરક માહિતીની વિગતો વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતા સહ દિન–૫ માં પુરી પાડવા , તેમજ અપીલના મુદૃા અંગે પણ વિભાગનો પક્ષ રજુ કરવા, માહિતીની દફતરી વિગત સ્પષ્ટ કરવા જણાવાતા, તેઓએ તા.૧૬/૪/૧૨ના પત્રથી કરેલ પુર્તતા મુજબ મુદૃા નં.૨, ૩ અને ૪ની રજુઆત સંદર્ભે અરજદાર ધ્વારા કઈ બાબતે યોગ્ય (સ્પષ્ટ) જવાબ મળેલ નથી તે સ્પષ્ટ જણાવેલ નથી. મુદૃા નં.૪ સંદર્ભે આરટીઆઈ એકટ હેઠળ ભૌતિક સ્વરૂપે રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે. માંગવામાં આવેલી માહિતી રેકર્ડ આધારીત સ્વરૂપની જણાતી નથી. મુદૃા નં.૫ સંદર્ભે ડેઈલી વેજીસની જગ્યાઓ ઉભી કરવા બાબતે બી.પી.એમ.સી. એકટની કલમ ૫૩(૩)ની જોગવાઈ મુજબ કમિશ્નરશ્રીને સત્તા આપવામાં આવેલ છે. જે અનુસાર કમિશ્નરશ્રીની મંજુરીથી વખતો વખત ખાતાકીય જરૂરીયાત મુજબ રોજીદા દરની જગ્યાઓ ઉભી કરી, કામદારો રોકવામાં આવે છે. સદર બાબતે સ્થાયી સમિતિના ઠરાવ ન હોય, તેની નકલ અરજદારને પુરી પાડવામાં આવેલ નથી. સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી (મહેકમ)એ અત્રેની માંગણી અનુસારની ઝેરોક્ષ નકલ પુરી પાડેલી છે. (પત્ર નં.જીએડી/ઈએસટી/૪૩૮ તા.૩૦/૪/૧૨).

અરજદારે તા.૭/૨/૧૨ની અરજી આઈ.ડી.નં.૧૭૮૮ થી કુલ–૬ (છ) મુદૃાઓની માહિતી માંગેલી. તે સંદર્ભેની અપીલ અરજીમાં મુદૃા નં.૧નો જવાબ સ્પષ્ટ સમજાય છે પરંતુ મુદૃા નં.૨ અને ૩ નો યોગ્ય (સ્પષ્ટ) જવાબ મળેલ નથી. તે જોતા મુદૃા નં.૧ બાબતે કોઈ તકરાર નથી. સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી (મહેકમ)એ આપેલ માહિતીમાં મુદાં નં.૧ થી ૩ ની માહિતી એક સાથે આપેલી છે. જેમાં સુરત મહાનગરપાલિકામાં કોન્ટ્રાકટના કે રોજીદા દરના કામદારોને આઈ.ડી. નંબર આપવાની પ્રથા નથી. પરંતુ રોજીદા કામદારોની બાબતમાં કોર્ટ કેસ થયેલ હોય અને જે તે સમયે સક્ષમ સત્તા ધ્વારા ઠરાવ પસાર કરી સમાધાન કરાયેલ હોય, તેની જોગવાઈઓ મુજબ આવા કામદારોને રેગ્યુલર કામદારો તરીકે સમાવવાના હોય ત્યારે કર્મચારી નંબર આપવામાં આવે છે. જે રેકર્ડ આધારીત માહિતીની જોગવાઈ મુજબ ઉચિત જણાય છે.

વધુમાં મુદૃા નં.૨ થી આઈ.ડી.નંબર કયા કારણસર આપવામાં આવ્યા નથી તેવુ જણાવેલ છે. તે સંદર્ભે રેકર્ડ ઉપર કોઈ લેખિત કારણ જણાવેલ હોય તો તે આપવાનુ રહે. પરંતુ જયારે આવા લેખિત/નકલ સ્વરૂપના કારણો ન હોય, તેવા સંજોગોમાં ભારત સરકારના કર્મચારી વર્ગ જાહેર ફરીયાદો અને પેન્શન મંત્રાલય કર્મચારીઓને તાલીમ વિભાગની તા.૧/૬/૨૦૦૯ની કચેરી યાદી ક્રમાંક :૧/૭/૨૦૦૯/આઈઆર મુજબ "માહિતીની વ્યાખ્યાતા ફલકમાં "શા માટે" પ્રશ્નના જવાબોનો સમાવેશ થતો નથી. જે જવાબો કોઈ બાબતની ઉચિતતા અંગેના કારણ પુછવા બરાબરની બાબત થશે. ઉચિતતા સંદર્ભે અમુક બાબતો શા માટે કરવામાં આવી કે ન કરવામાં આવી તે જણાવવાનુ જાહેર માહિતી અધિકારી પાસેથી અપેક્ષા રાખી શકાય નહીં" તે ઘ્યાને લેતા પણ સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી (મહેકમ)એ આપેલ માહિતી ઉચિત જણાય છે. મુદૃા નં.૩ બાબતે પણ સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી (મહેકમ) તરફથી મળેલ જવાબ કઈ બાબતે યોગ્ય (સ્પષ્ટ) જવાબ મળેલ નથી. તે અંગે અરજદારે કોઈજ સ્પષ્ટતા કરેલ નથી. મુદૃા નં.૪ માં જણાવેલ સુરત મહાનગરપાલિકા વિરૂઘ્ધ ફરીયાદ થઈ શકે? ફરીયાદ કયાં કરી શકાય? ફરીયાદ કોની સામે કરી શકાય તેની વિગત અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ આર.ટી.આઈ. એકટ હેઠળ ભૌતિક સ્વરૂપને રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે. માંગવામાં આવેલ માહિતી રેકર્ડ આધારીત સ્વરૂપની જણાતી નથી. તે ઉચિત જણાય છે. વધુમાં અરજદારે આ માહિતીમાં પણ અરજદારે કઈ બાબતે યોગ્ય (સ્પષ્ટ) જવાબ મળેલ નથી તેની સ્પષ્ટતા કરેલ નથી.

મુદ્દા નં.પ માં દરેક ઠરાવ ફક્ત કોન્ટ્રાક્ટ હેઠળના કર્મચારી તેમજ કોન્ટ્રાકટના કર્મચારી માટેના જ આપવામાં આવેલ છે. અરજદારે ડેઈલી વેજીસ માટેના થયેલા ઠરાવોની પણ માંગણી કરેલ હતી. જે પુરી પાડેલ નથી. તેવી રજુઆત કરેલી છે. તે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ તેમના અપીલ સંદર્ભેના પુર્તતા રીપોર્ટમાં જણાવ્યા મુજબ ડેઈલી વેજીસની જગ્યાઓ ઉભી કરવા બાબતે બી.પી.એમ.સી. એકટની કલમ પ૩(૩) ની જોગવાઈ મુજબ કમિશ્નરશ્રીને સત્તા આપવામાં આવેલ છે. જે અનુસાર કમિશ્નરશ્રીની મંજુરીથી વખતો વખત ખાતાકીય જરૂરીયાત મુજબ કચેરી હુકમો ઈસ્યુ કરી રોજીદા દરની જગ્યાઓ ઉભી કરી રોજીદા દરના કામદારો રોકવામાં આવે છે. સદર બાબતે સ્થાયી સમિતિના ઠરાવ ન હોય તેની નકલ અરજદારને પુરી પાડવામાં આવેલ નથી. તે સંદર્ભે સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી (મહેકમ)એ અરજદારને આ મુજબ સુચિત કરવાનું રહે છે. વધુમાં અરજદારની મુળ અરજી તેમજ અપીલ અપીલ અરજીમાં જણાવેલ વિગતને ધ્યાને લેતા તેમની સ્પષ્ટ રજુઆત નથી. પરંતુ સદર બાબતે કોર્ટ કેસ થયેલ હોય અને જે તે સમયે સક્ષમ સત્તા ધ્વારા ઠરાવ પસાર કરી સમાધાન કરાયેલ હોય એવા ઠરાવની માહિતીની માંગણી હોવાનું અનુમાન છે તે જોતા ૨૦૦૧ થી આજદિન સુધીના આવા ઠરાવોની નકલ અરજદારને આર.ટી.આઈ. કાયદાની કલમ ૭(૬) ની જોગવાઈ મુજબ વિના મુલ્યે પુરી પાડવાનુ ઉચિત જણાય છે.

**<u>હુકમ</u>**

અરજદારની મુળ અરજી અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૭/૨/૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.પ સંદર્ભે ડેઈલી વેજીસની જગ્યાઓ ઉભી કરવા બાબતે બી.પી.એમ.સી. એક્ટ કલમ પ૩(૩)ની જોગવાઈઓ મુજબ કમિશ્નરશ્રીને સત્તા આપવામાં આવેલી છે. જે અનુસાર કમિશ્નરશ્રીની મંજુરીથી વખતો વખત ખાતાની જરૂરીયાત મુજબ કચેરી હુકમ ઈસ્યુ કરી રોજીદા દરની જગ્યાઓ ઉભી કરી રોજીદા દરના કામદારો રોકવામાં આવે છે. જેથી સદર બાબતે સ્થાયી સમિતિના કોઈ ઠરાવ ન હોય તેની નકલ અરજદારને આપવામાં આવેલ નથી. તે હકીકતથી અરજદારને વાકેફ કરવા ઉપરાંત અરજદારની મુળ અરજી તેમજ અપીલ અરજીમાં સ્પષ્ટ રજુઆત ન હોવા છતાં સદર બાબતે કોર્ટ કેસ થયેલ હોય અને જે તે સમયે સક્ષમ સત્તા ધ્વારા ઠરાવ પસાર કરી સમાધાન કરાયેલ હોય તેવા ઠરાવોની માહિતી માંગણી હોવાનું અનુમાનિત હોય ૨૦૦૧ થી આજદિન સુધીના આવા ઠરાવોની નકલ અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં આરટીઆઈ કાયદાની કલમ ૭(૬)ની જોગવાઈ મુજબ વિના મુલ્યે પુરી પાડવા સેકશન ઓફીસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/
તા. /પ/૨૦૧૨

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**અને અપીલ અધિકારી,**
**સુરત મહાનગરપાલિકા.**

**ન. સ.રવાના :** આસી.નોડલ ઓફીસરશ્રી પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ તથા અમલ માટે
**નકલ રવાના:** શ્રેયાંસ એ.પંડયા

<u>અપીલ અરજી નં.૦૨/૧૨–૧૩</u>

**અરજદાર :** નરેશ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

<u>**ફરીયાદની હકીકત :–**</u>

**વિષયઃ–**અરજદારશ્રી નરેશ નાનજીભાઈ બથવારની તા.૦૫/૦૩/૧૨ની અરજી આઈ.ડી. નં.૧૯૭૨ થી કુલ ૧૩ મુદ્દાની માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧૦ની આંશિક માહિતી બાબત.

**સંદર્ભઃ–**અરજદાર મજકુરની તા.૧૩/૦૪/૧૨ની અપીલ અરજી નં.NO.SMC/GAD/ FAP/02/12-13.

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૦૫/૦૩/૧૨ની અરજી આઈ.ડી.નં.૧૯૭૨ થી માંગેલી માહિતી પૈકી મુદ્દા નં.૧૦ની આંશિક માહિતી અનુસંધાને મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી આપવામાં આવેલી માહિતીથી નારાજ થઈ તા.૧૧/૦૪/૧૨થી અપીલ અરજી કરેલ છે. જે સેન્ટ્રલ ઝોનથી આરટીઆઈ સેલ મારફત તા.૧૮/૦૪/૧૨ના રોજ મધ્યસ્થ મહેકમ વિભાગને મળેલ છે. સદર અપીલ સંદર્ભે તા.૨૬/૦૪/૧૨ના પત્ર નં.જીએડી/ ઇએસટી/૪૦૫થી સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી પાસેથી પુર્તતા રીપોર્ટ માંગતા તેઓએ તા.૦૨/૦૫/૧૨ના પત્ર નં.જીએડી/ઇએસટી/૪૬૯ થી પુર્તતા રીપોર્ટ મોકલાવેલ છે.તેનો અભ્યાસ કરતા અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનુ જણાતા આ માહિતી અરજદારને મળી ગયેલ છે કે કેમ ? તે અંગે તા.૦૩/૦૫/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૯૭થી અરજદારને જણાવતા તેમણે માંગ્યા મુજબની પુર્તતા કરવાને બદલે અન્ય વિભાગના રેકર્ડ ચકાસણી બાબતે જણાવવા વિનંતી કરેલ જે માંગેલ પુર્તતાથી વિપરીત જણાય છે.

અરજદારે તા.૦૫/૦૩/૧૨ની અરજીથી આસી.સેક્રેટરી,સુરત મહાનગરપાલિકા પાસેથી કુલ–૧૩ મુદ્દાઓથી માહિતીની માંગણી કરેલી જે નાયબ આરોગ્ય અધિકારીશ્રીના તા.૨૧/૦૩/૧૨ના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૭૦૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગને અરજીના મુદ્દા નં.૧૦ની આંશિક માહિતી લાગત હોવાથી તબદીલ કરેલી. તે તા.૨૩/૦૩/૧૨ના રોજ મહેકમ વિભાગમાં પ્રાપ્ત થયેલી. અરજદારે મુદ્દા નં.૧૦થી " સદર રાત્રી સફાઈ કોન્ટ્રાકટરો ધ્વારા સફાઈ થતી ન હોવાની ફરીયાદ મે.કમિશ્નરશ્રીને થતા સેન્ટ્રલ ઝોનના એસ.આઈ. શ્રી વાય.એ.સિંધાને લીબાયત ઝોનમાં સોલીડ વેસ્ટ વિભાગના એસ.એસ.આઈ.શ્રી એ.બી.વ્યાસને વરાછા ઝોનમાં , રાંદેર ઝોનના એસ.આઈ.શ્રી એ.કે.મેકવાનને પણ વરાછા ઝોનમાં નોર્થ ઝોનના એસ.આઈ.શ્રી કે.આર.ભટ્ટને લિંબાયત ઝોનમાં રૂટિન બદલી કરેલ નથી. પરંતુ શિક્ષાત્મક બદલી કરેલ હોય તો તે અંગેની માહિતીની નકલ " માંગેલ તે સંદર્ભે સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીના તા.૨૯/૦૩/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૪૭૨થી રૂ.૪/– ભરવાની જાણ કરેલી છે તે સંદર્ભે અરજદારે તા.૦૫/૦૪/૧૨ની રસીદ નં.૨૮૫૫૨૬થી રૂ.૪/– ભરપાઈ કરેલ હોય, સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૯/૦૪/૧૨ના પત્ર નં.જીએડી/ઇએસટી/૯૯ થી સેનેટરી ઈન્સ્પેકટર તથા સેનેટરી સબ ઈન્સ્પેકટરની બદલી સંદર્ભે સક્ષમ સત્તાની મંજુરી તેમજ તે અંગે કરવામાં આવેલ કચેરી હુકમની નકલ પુરી પાડેલ છે અને આ નિર્ણયથી નારાજ હોય તો અપીલ અધિકારીને દિન–૩૦ માં અપીલ કરવાનું સુચિત કરેલ છે.

ઉપરોકત સઘળી હકીકતો ધ્યાને લેતા અરજદારની તા.૦૫/૦૩/૧૨ની માહિતી માંગતી અરજી તેના મુદ્દા નં.૧૦ ની આંશિક માહિતી પુરી પાડવા માટે તા.૨૩/૦૩/૧૨ના રોજ મધ્યસ્થ મહેકમ વિભાગને મળેલી તેના અનુસંધાને મધ્યસ્થ મહેકમ વિભાગે તા.૨૯/૦૩/૧૨ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૪૪૭૨થી જરૂરી દસ્તાવેજો પેટે રૂા.૪/– ફી ભરવાની જાણ કરેલી છે. સદર પત્ર અનુસંધાને અરજદારે તા.૦૫/૦૪/૧૨ની રસીદ નં.૨૮૫૫૨૬થી રૂા.૪/– ભરપાઈ કરેલ છે. તેથી સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૦૯/૦૪/૧૨ના પત્ર નં.જીએડી/ઇએસટી/૯૯ થી માહિતી પુરી પાડેલી છે. જેથી અરજદારે તા.૧૧/૦૪/૧૨ની અપીલ અરજીમાં જણાવેલ " રૂા.૪/– ફી ભરેલી હોવાછતા માહિતી મળેલી નથી " તેવુ જણાવેલ છે તે હકીકત સત્યથી વેગળી જણાય છે. વધુમાં સદર માહિતી તા.૦૯/૦૪/૧૨ના પત્રથી અરજદારને મોકલવામાં આવેલી છે જયારે અરજદારે તા.૧૧/૦૪/૧૨થી અપીલ કરેલી છે તે જોતા અપીલ કર્યાની તારીખે અરજદારને માહિતી ન મળેલી હોય તેમ જણાતા અપીલ અરજી સંદર્ભે તા.૦૩/૦૫/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૯૭ થી માહિતી/દસ્તાવેજો મળી ગયેલ છે કે કેમ ? તે અંગે અરજદારને સ્પષ્ટતા કરવા જણાવતા તેઓએ સ્પષ્ટતા કરવાને બદલે પત્રમાં જણાવેલ વિગતથી વિપરીત એવી અન્ય વિભાગને લાગત માહિતી સંદર્ભેનો ઉલ્લેખ કરેલ છે તે ધ્યાને લેતા અરજદારને મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી મોકલવામાં આવેલી માહિતી મળી ગયેલ છે.

**<u>હુકમ</u>**

અરજદારની મુળ અરજી અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૫/૦૩/૧૨ની મુળ અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી મુદ્દા નં.૧૦ની આંશિક લાગત માહિતી સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારી મારફત પુરી પડાયેલ હોય, અપીલ અંગે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી વિશેષ કાંઈ કરવાનું રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**અને અપીલ અધિકારી,**
**સુરત મહાનગરપાલિકા.**

નં.જીએડી/ઇએસટી/
તા. /૦૫/૨૦૧૨

**ન. સ.રવાના :** આસી.નોડલ ઓફીસરશ્રી પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ તથા અમલ માટે
**નકલ રવાના :** નરેશ નાનજી બથવાર

## <u>અપીલ અરજી નં.૦૩/૧૨–૧૩</u>

**અરજદાર :** ડો.પિતાંબર પ્રધાન

**સામાવાળા :** સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી (મહેકમ)

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષયઃ**–અરજદારશ્રી ડો.પિતાંબર પ્રધાનની તા.૨૫/૧૦/૧૧ની અરજી આઈ.ડી. નં.૧૦૮૬ થી કુલ ૧ થી ૧૪ મુદ્દાની માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૯ની આંશિક માહિતી બાબત.

**સંદર્ભઃ**–અરજદાર મજકુરની તા.૧૨/૪/૧૨ની અપીલ અરજી નં.NO. SMC /GAD/FAP/3/12-13.

અરજદારશ્રી ડો.પિંતાબર પ્રધાનએ તા.૨૫/૧૦/૧૧ થી અરજી આઈ.ડી.નં.૧૦૮૬ થી સ્લમ અપગ્રેડેશન સેલના જાહેર માહિતી અધિકારી પાસેથી કુલ–૧ થી ૧૪ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલી, તે પૈકી નોર્થ ઝોન કતારગામ, સુરતના જાહેર માહિતી અધિકારીએ માહિતી ન આપવાથી નારાજ તા.૧૨/૪/૧૨ના રોજ અપીલ અરજી કરેલ છે. જે નોર્થ ઝોન અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રીએ સદર અપીલ અરજી અન્વયે કાર્યવાહી હાથ ધરવા પર્સોનેલ ઓફીસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગને મોકલેલ છે. જે તા.૨૩/૪/૧૨ના રોજ પ્રાપ્ત થયેલ છે.

સદર અપીલ અરજીમાં મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી પુરી પાડવામાં આવેલ માહિતી બાબતે કોઈ ફરીયાદ હોય તેવુ નહી જણાતા તે અંગે જરૂરી સ્પષ્ટતા કરવા માટે અરજદારને અત્રેથી તા.૧/૫/૧૨ના પત્ર નં.જીએડી/ ઇએસટી/૪૪૯ થી જણાવવામાં આવેલું. પરંતુ અરજદાર તરફથી તે બાબતે આજદિન સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. જયારે અપીલ અરજી અનુસંધાને મુળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિતની નકલ, આપવા જોગ પુરક માહિતીની વિગતો, વિલંબ, વિસંગતતા, ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતા અત્રે પહોંચતી કરવા તેમજ અપીલના મુદ્દા અંગે પણ વિભાગનો પક્ષ રજુ કરવા, માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીશ્રીને તા.૧/૫/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૫૦ થી જણાવતા તેઓએ તા.૨/૫/૧૨ના પત્ર નં.જીએડી/ઇએસટી/૪૭૯થી માહિતી પુરી પાડેલી છે. તેમાં જણાવ્યા મુજબ વિગતો નીચે મુજબ છે.

અરજદારે તા.૨૫/૧૦/૧૧ની અરજી આઈ.ડી.નં.૧૦૮૬ થી સ્લમ અપગ્રેડેશન સેલ વિભાગના જાહેર માહિતી અધિકારી પાસેથી બી.એમ.સર્વેને લગતી કુલ–૧ થી ૧૪ મુદ્દાઓથી માહિતી માગેલી. જે સેન્ટ્રલ ઝોન તરફથી તા.૨/૧૧/૧૨ના પત્ર નં.સેન્ટ્રલ ઝોન/ આરટીઆઈ/જાવક/૧૪૦૬ થી, નોર્થ ઝોન અઠવા ઝોન, વરાછા ઝોન, સ્લમ અપ ગ્રેડેશન સેલ અને ઉધના ઝોનને તબદીલ કરવામાં આવેલી છે. જયારે સદરહું અરજીની અંશતઃ માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત જણાવી નોર્થ ઝોન (કતારગામ) તરફથી તા.૨૯/૧૨/૧૧ના પત્ર નં.એનઝેડ/ આરટીઆઈ/જાવક/૫૭૯૩ થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. જે તા.૩૦/૧૧/૧૨ ના રોજ વિભાગને મળેલ છે. મધ્યસ્થ મહેકમ વિભાગને જાહેર માહિતી અધિકારીએ તા.૭/૧૨/૧૧ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૨૯૪૩ થી અરજીના અનુસંધાને ખાતાને લાગત મુદ્દા નં.૯ ની આંશિક માહિતી પેટે શ્રી રમેશ એન. નવસારીવાલા (કર્મ.નં.૧૦૯૨૩) ના સ્થાયી મિલ્કત અંગેના પ્રફોર્મા નં.૧ ફોર્મની ઝેરોક્ષ નકલ પુરી પાડેલી છે. અરજીની સમય મર્યાદા દિન–૩૦ પુરી થાય તે દિવસે મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ થઈને અરજી પ્રાપ્ત થયેલી હોવાથી અરજદારને આરટીઆઈ કાયદાની કલમ–૭ (૬)ની જોગવાઈ મુજબ વિના મુલ્યે માહિતી પુરી પાડવામાં આવેલી છે.

ઉપરોકત હકીકતોને ઘ્યાને લેતાં અરજદારને તા.૨૫/૧૦/૧૧ ના રોજ માહિતી માંગતી અરજી કરેલી, જે સેન્ટ્રલ ઝોનમાં તા.૦૧/૧૧/૧૧ના રોજ સ્વીકારી, તા.૨/૧૧/૧૧ના રોજ નોર્થ ઝોન, અઠવા ઝોન, વરાછા ઝોન, સ્લમ અપગ્રેડેશન સેલ અને ઉધના ઝોનને તબદીલ કરવામાં આવેલી. જયારે નોર્થ ઝોન તરફથી નિયમાનુસાર અરજી પ્રાપ્ત થયાના દિન–૫માં તબદીલ કરવાને બદલે તા.૨૯/૧૧/૧૧ના પત્રથી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરેલ છે. જે

તા.૩૦/૧૧/૧૧ના રોજ મધ્યસ્થ મહેકમ વિભાગને પ્રાપ્ત થયેલ છે. જે દિવસે અરજીની ૩૦ દિવસની અવધિ પુરી થયેલ છે. તેમ છતાં આર.ટી.આઈ. કાયદાની કલમ–૭ (૬)ની જોગવાઈઓ મુજબ મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી મુદ્દા નં.૯ની આંશિક લાગત માહિતી વિના મુલ્યે તા.૭/૧૨/૧૧થી પુરી પડાયેલ છે. વધુમાં અરજદારને પોતાની તા.૧૨/૪/૧૨ની અપીલ અરજી પણ સમયાવધિ બાદ કરેલી છે અને અપીલ અરજીમાં પણ નોર્થ ઝોન કતારગામ સુરતના જાહેર માહિતી અધિકારીશ્રીએ માહિતી ન આપવાથી નારાજ થઈને અપીલ કરેલ હોવાનું જણાવેલ છે. તેમજ મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી પુરી પાડવામાં આવેલ માહિતીથી નારાજ છે કે કેમ? તે બાબતે પુચ્છા કરવા છતાં અરજદારે કોઈ સ્પષ્ટતા કરેલી નથી. તેથી મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી પુરી પાડવામાં આવેલી માહિતીથી અરજદાર નારાજ નહી હોવાનું જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫/૧૦/૧૧ની મુળ અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી મુદ્દા નં.૯ની આંશિક લાગત માહિતી વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે અને તે બાબતે અરજદાર નારાજ હોય તેમ જણાતુ નથી. જેથી અપીલ અંગે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી વિશેષ કાંઈ કરવાનું રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**અને અપીલ અધિકારી,**
**સુરત મહાનગરપાલિકા.**

નં.જીએડી/ઇએસટી/
તા. /૦૫/૨૦૧૨

**ન. સ.રવાના :** આસી.નોડલ ઓફીસરશ્રી પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ તથા અમલ માટે

**નકલ રવાનાઃ** ડો.પિતાંબર પ્રધાન

**અપીલ અરજી નં.૦૪/૧૨–૧૩**

**અરજદાર :** નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૦૫/૦૪/૧૨ની અરજી આઈ.ડી. નં.૨૦ થી તા.૩૦/૦૩/૧૨ની અરજીથી સુરત મહાનગરપાલિકાના ૧ થી ૧૧ વિરૂધ્ધ આઈ.પી.સી.ની કલમ મુજબનો ગુન્હા અંગેની માહિતીની નકલોની માંગણી બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૩/૦૪/૧૨ની અપીલ અરજી નં. NO. SMC/ GAD/ FAP/04/12-13.

અરજદાર મજકુરે તા.૦૫/૦૪/૧૨ની અરજી આઈ.ડી.નં.૨૦ થી અરજદારે મે.કમિશ્નરશ્રીની કચેરીમાં તા.૩૦/૦૩/૧૨ની અરજીથી સુરત મહાનગરપાલિકાના ૧ થી ૧૧ વિરૂધ્ધ આઈ.પી.સી.ની કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭,૪૬૮,૪૭૧ કલમ–૩ (૧૦) મુજબનો ગુન્હા અંગેની અરજીમાં અરજદારની સામેવાળાઓના આઈ.પી.સી.ની કલમો અંતર્ગત અંતિમ કાર્યવાહી અંગેની માહિતીની નકલોની માંગણી કરેલી. જે સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતી અધિકારીએ તા.૦૭/૦૪/૧૨ના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૪૪થી મધ્યસ્થ કચેરીના જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ છે અને તેની જાણ અરજદારને કરેલ છે. મધ્યસ્થ કચેરીના જાહેર માહિતી અધિકારીએ તા.૨૧/૦૪/૧૨ના પત્ર નં.સી/૭૭ થી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત હોવાથી તે વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ છે. મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી સદર માહિતી રીક્રુટમેન્ટ વિભાગને લાગત હોવાથી તા.૨૬/૦૪/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૦૦થી રીક્રુટમેન્ટ વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ છે અને રીક્રુટમેન્ટ વિભાગના જાહેર માહિતી અધિકારીએ તા.૩૦/૦૪/૧૨ના પત્ર નં.જીએડી/ઇએસટી/૯૧ થી માંગવામાં આવેલી માહિતી બાબતે કોઈ માહિતી રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા આપવાની થતી નથી તે પ્રકારની જાણ કરેલ છે અને તા.૦૩/૦૫/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૨થી સદર માહિતી પોલીસ કમિશ્નરશ્રી,સુરત શહેરને લાગત હોવાથી તેને તબદીલ કરેલ છે અને તેની જાણ અરજદારને કરેલ છે.

ઉપરોક્ત હકીકત જોતા અરજદારની તા.૦૫/૦૪/૧૨ની મૂળ અરજી જે તે લાગત વિભાગને તબદીલ કરવામાં આવેલી છે. એ દરેક વખતે તેની જાણ અરજદારને કરવામાં આવેલી છે છેવટે રીક્રુટમેન્ટ વિભાગ તરફથી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી સુરત શહેરને અરજી તબદીલ થયેલી છે. તે જોતા અરજદારે માંગેલી માહિતી સુરત મહાનગરપાલિકાના એક પણ અધિકારીઓએ માહિતીની નકલ આપેલ નથી. એવુ જણાવેલ છે તે ગેરમાર્ગે દોરનારુ છે. મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત છે. ત્યાં સુધી અરજદાર મજકુરની અરજી આઈ.ડી.નં.૨૦ મધ્યસ્થ કચેરીના જાહેર માહિતી અધિકારી મારફત તા.૨૧/૦૪/૧૨ના પત્ર નં.સી/૭૭ થી મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ છે અને મધ્યસ્થ મહેકમ વિભાગને આ માહિતી સ્પર્શતી નહી હોવાથી જે વિભાગને લાગત એવા રીક્રુટમેન્ટ વિભાગના જાહેર માહિતી અધિકારીને તા.૨૬/૦૪/૧૨ના પત્ર નં.જીએડી/ઇએસટી/૪૦૦ થી તબદીલ કરવામાં આવેલી છે અને તેની જાણ અરજદારને કરવામાં આવેલી છે. અરજદારે પોતાની અપીલ અરજીમાં પણ જાણ કરવાની હકીકત સ્વયંસ્પષ્ટ જાહેર કરી સ્વીકારેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૦૫/૦૪/૧૨ની મૂળ અરજી મધ્યસ્થ કચેરીના તા.૨૧/૦૪/૧૨ના પત્ર નં.સી./૭૭ થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ થયેલી છે. જે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી જે વિભાગને લાગત છે તેવા રીક્રુટમેન્ટ વિભાગના જાહેર માહિતી અધિકારીને તા.૨૬/૦૪/૧૨ના પત્ર નં.જીએડી/ જીએડી/૪૦૦ થી તબદીલ કરેલ છે અને તેની જાણ અરજદારને કરવામાં આવેલ છે જેથી તેમની અપીલ અરજી બાબતે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

નં.જીએડી/ઇએસટી/
તા. /૦૬/૨૦૧૨

**ન.સ.રવાના :** આસી.નોડલ ઓફીસરશ્રી પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** નરેશભાઈ નાનજીભાઈ બથવાર

## અપીલ અરજી નં.૦૫/૧૨–૧૩

**અરજદાર :** નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૬૯/૦૩/૧૨ની અરજી આઈ.ડી. નં.૨૧૧૬ ના સંદર્ભે પુરી પાડેલ માહિતીથી નારાજ થઈ કરેલી અપીલ અરજી બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૧/૦૫/૧૨ની અપીલ અરજી નં. NO.SMC/GAD/FAP/05/12-13.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૨૯/૩/૧૨ની અરજી આઈ.ડી.નં.૨૧૧૬ થી માંગેલી માહિતી પૈકી જુદા જુદા જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડવામાં આવેલી માહિતીના નિર્ણયથી નારાજ થઈ તા.૨૮/૫/૧૨ થી અપીલ દાખલ કરેલ છે. જે સેન્ટ્રલ ઝોન મારફત તા.૨૮/૫/૧૨ના રોજ મધ્યસ્થ મહેકમ વિભાગને પ્રાપ્ત થયેલ છે. જેમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારના તા.૨૩/૪/૧૨ના પત્ર નં.જીએડી/ઇએસટી/૩૬૩થી ખાતાને લાગત દફતરની રૂબરૂ ચકાસણી કરવા અન્યથા માહિતી/દસ્તાવેજો મેળવવા રૂા.૩૫૬૨/– જમા કરાવવા જણાવેલ. તે પત્રની નકલ ઉપર અરજદારે આગોતરો સમય ફાળવવા જણાવેલ. જેથી જાહેર માહિતી અધિકારીએ તા.૮/૫/૧૨ના પત્ર નં.જીએડી/ઇએસટી/૫૮૩ થી અરજદારને તા.૯/૫/૧૨ના સાંજે ૪.૦૦ થી ૪.૩૦ કલાક દરમ્યાન ચકાસણી માટે રૂબરૂ હાજર રહેવા જણાવેલ. અરજદાર તે મુજબ તા.૯/૫/૧૨ના રોજ હાજર રહી રજુઆત કરી, ડ્રેનેજ વિભાગ તરફથી જણાવેલ માહિતી મુજબના ફોરમેટમાં માહિતી આપવા જણાવેલ. જાહેર માહિતી અધિકારીએ તા.૨૨/૫/૧૨ ના રોજ પત્ર નં.જીએડી/ઇએસટી/૮૬૨થી આપેલ માહિતી નિયમાનુસારની નહી હોવાની રજુઆત કરેલ છે. આ સંદર્ભે તા.૮/૬/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૧૩૮ થી, સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી પાસેથી અરજદારની મુળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિતની નકલ આપવા જોગ પુરક માહિતીની વિગતો, વિલંબ/વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતા કરવા જણાવતા તેમણે તા.૧૬/૬/૧૨ના રીપોર્ટથી તે પુરી પાડેલ છે, જે નીચે મુજબ છે.

અરજદારની મુળ અરજીના સંદર્ભમાં અત્રેથી પત્ર નં.જીએડી/ઇએસટી/૨૪૯ તા.૧૭/૪/૧૨ તથા નં.જીએડી/ઇએસટી/૪૯૬ તા.૩/૫/૧૨થી અનુક્રમે (૧)જાહેર માહિતી અધિકારીશ્રી–તમામ ઝોન (પર્સોનેલ ઓફીસરશ્રી / ડે.ઈજનેરશ્રી) તથા લાગત વિભાગો (૨)જાહેર બાગ બગીચા ખાતાને તબદીલ કરવામાં આવેલ. તેમજ અત્રેના ખાતાને લાગત માહિતીના સંદર્ભમાં પત્ર નં.જીએડી/ઇએસટી/૩૬૩ તા.૨૩/૪/૧૨થી અરજદારને દફતરી ચકાસણી માટે આગોતરો સમય મેળવી ઈન્સ્પેકશન કરવા અથવા નિયમાનુસાર નકલ ફી ભરપાઈ કરી માહિતી / દસ્તાવેજોની નકલો મેળવવા જણાવવામાં આવેલ.

ત્યારબાદ અરજદાર ધ્વારા રેકર્ડની રૂબરૂ ચકાસણી માટે આગોતરો સમય જણાવવા તા.૫/૫/૧૨ના રોજ અરજી કરેલ જેના અનુસંધાનમાં અત્રેના નં.જીએડી/ઇએસટી/૫૮૩ તા.૮/૫/૧૨થી અરજદારને રેકર્ડની રૂબરૂ ચકાસણી માટે હાજર રહેવા જાણ કરવામાં આવેલ. અરજદાર ઈન્સ્પેકશન માટે તા.૯/૫/૧૨ના રોજ હાજર થયેલ પરંતુ ઈન્સ્પેકશન ન કરતા અરજી સાથે બિડાણ કરેલ નમુના અનુસારની માહિતી આપવા વિનંતી કરેલ. જેના સંદર્ભમાં અરજદારને અત્રેના પત્ર નં.જીએડી/ઇએસટી/૬૭૦ તા.૧૧/૫/૧૨થી તેઓએ ઈન્સ્પેકશન સમયે ઉપરોકત કરેલ લેખિત રજુઆતના સંદર્ભમાં નકલ ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા અથવા ઈન્સ્પેકશન મેળવી જરૂર પુરતી માહિતીની નકલ, નકલ ફી ભરપાઈ કર્યેથી મેળવી શકશો તે બાબતે પુનઃ જણાવવામાં આવેલ.

અરજદારે, અત્રેના પત્ર નં.જીએડી/ઇએસટી/૬૭૦ તા.૧૧/૫/૧૨ના સંદર્ભે તેઓએ રજુ કરેલ પત્રક / નમુના અનુસાર માહિતી આપવા ઈચ્છુક ન હોવાનું જણાવી પુનઃ ઇન્સ્પેકશન માટે તા.૧૬/૫/૧૨ના રોજ અરજી આપેલ. જેના અનુસંધાને અરજદારને પત્ર નં.જીએડી/ઇએસટી/૮૨૭ તા.૧૯/૫/૧૨થી અરજદારને તેઓની ઉકત રજુઆતના અનુસંધાનમાં રેકર્ડની રૂબરૂ ચકાસણી અર્થે તા.૨૧/૫/૧૨ના રોજ સમય ફાળવવામાં આવેલ. જેના અનુસંધાનમાં અરજદાર ધ્વારા તા.૨૧/૫/૧૨ના રોજ ઈન્સ્પેકશન માટે હાજર રહેલ. પરંતુ ઈન્સ્પેકશન કરતા છુટક કાગળો વધુ હોય, જેથી તેઓની તા.૯/૫/૧૨ના રોજ માગેલ ફોરમેટ મુજબની જ માહિતીઆપવા લેખિતમાં જણાવેલ. અરજદારની ઉપરોકત રજુઆતના અનુસંધાનમાં અત્રેના પત્ર નં.જીએડી/ ઇએસટી/૮૬૨ તા.૨૨/૫/૧૨થી અરજદારની મુળ અરજી તથા તેઓની રેકર્ડ ચકાસણી અંગેની વારંવારની રજુઆતના સંદર્ભમાં તેઓની તા.૯/૫/૧૨ની અરજી સાથે રજુ કરેલ પત્રક / નમુના અનુસાર માહિતી અત્રેના રેકોર્ડ પર ઉપલબ્ધ ન હોય તે મુજબ માહિતી પુરી પાડી શકાય તેમ નથી, તેમ જણાવવામાં આવેલ.

અરજદારે તેઓની પ્રથમ અપીલ અરજીમાં તા.૯/૫/૧૨ના રોજ ઈન્સ્પેકશન સમયે આપેલ લેખિત અરજી સાથે નમુના અનુસારના ફોરમેટ અનુસારની માહિતી અન્ય વિભાગ ધ્વારા આપી શકાતી હોય તો મહેકમ વિભાગ ધ્વારા આપવામાં શુ વાંધો છે? તેની સ્પષ્ટતા કરવા જણાવેલ. અરજદારની અપીલ અરજીની રજુઆત સંદર્ભે તેઓની તા.૯/૫/૧૨ની અરજી સાથે સામેલ નમુના અનુસારના ફોરમેટ મુજબની માહિતી અત્રેના વિભાગમાં નિભાવવામાં આવતી ન હોય અરજદારને અત્રેના પત્ર નં.જીએડી/ઇએસટી/૮૬૨ તા.૨૨/૫/૧૨થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. તેમજ તેઓની મુળ અરજી સંદર્ભે અરજદારને નકલ ફી ભરપાઈ કરી માહિતી મેળવવા/ ઈન્સ્પેકશન માટે વારંવાર તક આપવામાં આવેલ છે.

**<u>—: હુકમ :—</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૯/૩/૧૨ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.જીએડી/ઇએસટી/૨૪૯ તા.૧૭/૪/૧૨ તથા પત્ર નં.જીએડી/ઈએસટી/૪૯૬ તા.૩/૫/૧૨ થી અન્ય લાગત વિભાગોને અરજી તબદીલ કરેલ છે. તેમજ મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત માહિતી માટે પત્ર નં.જીએડી/ઇએસટી/૩૬૩ તા.૨૩/૪/૧૨ થી અરજદારને રૂબરૂ ચકાસણી માટે આગોતરો સમય મેળવવા જણાવેલ. પત્ર નં.જીએડી/ઇએસટી/૫૮૩ તા.૮/૫/૧૨ થી અરજદારને રૂબરૂ ચકાસણી માટે તા.૯/૫/૧૨ ફાળવવામાં આવેલ. અરજદાર તા.૯/૫/૧૨ના રોજ રૂબરૂ હાજર રહેલા પરંતુ રેકર્ડની ચકાસણી ન કરતા રજુઆત અરજી સાથે બિડાણ કરેલ નમુના અનુસાર માહિતી આપવા વિનંતી કરેલ. તેના અનુસંધાને પત્ર નં.જીએડી/ઇએસટી/૬૭૦ તા.૧૧/૫/૧૨થી નકલ ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા અન્યથા રૂબરૂ રેકર્ડ ચકાસણી કરી જરૂરીયાત મુજબની માહિતી માટે જ નિયમાનુસારની ફી ભરી માહિતી મેળવી લેવા જણાવેલ. આ પત્ર સંદર્ભે અરજદારે પુનઃ ચકાસણી માંગતા જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.જીએડી/ઈએસટી/૮૨૭ તા.૧૯/૫/૧૨થી રૂબરૂ ચકાસણી તા.૨૧/૫/૧૨ આપવામાં આવેલી. અરજદાર તા.૨૧/૫/૧૨ ના રોજ રૂબરૂ ચકાસણી માટે હાજર રહેલ. પરંતુ ચકાસણીમા છુટક કાગળો વધુ હોય તેમના તા.૯/૫/૧૨ના રોજ રજુ કરેલ ફોરમેટ મુજબની જ માહિતીનો આગ્રહ રાખતા અંતે જાહેર માહિતી અધિકારી તા.૨૨/૫/૧૨ પત્ર નં.જીએડી/ઈઅસેટી/૮૬૨ થી અરજદારે તા.૯/૫/૧૨થી રજુ કરેલ ફોરમેટ અનુસારની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય તે મુજબની માહિતી પુરી પાડી શકાય તેમ નથી. તેવુ જણાવેલું અને આ નિર્ણયથી નારાજ હોય તો અપીલ કરવાનું પણ સુચિત કરવામાં આવેલ છે.

અરજદારની અરજી સંદર્ભેની માહિતી વિપુલ પ્રમાણમાં હોવાથી તેની રૂા.૩૫૬૨/– જેટલી ફી થતી હોવાથી તે ભરવા અન્યથા રેકર્ડની ચકાસણી કરી જરૂરીયાત મુજબની જ નકલો નિયમાનુસારની ફી ભરી મેળવવા જણાવેલ છે. તે સંદર્ભે અરજદારને રૂબરૂ રેકર્ડ ચકાસણી, પુનઃ ચકાસણી પણ આપવામાં આવેલ છે. તેમ છતાં પણ અરજદારે પોતે જણાવેલ નમુનામા જ માહિત આપવાની રજુઆત કરેલ છે તે સ્વરૂપમાં જાહેર માહિતી અધિકારી પાસે માહિતી ઉપલબ્ધ ન હોવાથી તે આપવા અસમર્થતા દર્શાવેલ છે. જેથી અરજદાર જો ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૬૩ તા.૨૩/૪/૧૨ માં જણાવેલ માહિતી દસ્તાવેજો માટેની નકલ રૂા.૩૫૬૨/– ભરપાઈ કરીને માહિતી મેળવવા સ્વતંત્ર છે. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

**(બી.આઈ.દેસાઈ)**

નં.જીએડી/ઇએસટી/ **પર્સોનલ ઓફિસર (મહેકમ)**

તા. /૦૬/૨૦૧૨ **અને અપીલ અધિકારી ,**

**સુરત મહાનગરપાલિકા.**

**ન.સ.રવાના :** આસી.નોડલ ઓફીસરશ્રી પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**<u>અપીલ અરજી નં.૦૬/૧૨–૧૩</u>**

**અરજદાર :** બાબુભાઈ મંછારામ કતારગામવાલા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષયઃ–** અરજદારશ્રી બાબુભાઈ મંછારામ કતારગામવાલાની તા.૨૬/૦૩/૧૨ની અરજી આઈ.ડી. નં.૧૧૩૬ થી માંગેલ મહેકમ ખાતામાં નિભાવવામાં આવતી ડિસ્પેચ બુકની નકલોની માંગણી બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૧/૦૫/૧૨ની અપીલ અરજી નં. NO. SMC/ GAD/ FAP/06/12-13.

અરજદાર મજકુરે તા.૨૬/૦૩/૧૨ની મૂળ અરજીથી " વિભાગીય વડાઓને મોકલવામાં આવતા સરક્યુલર/ કચેરી હુકમો/નોંધ વિગેરે માટે મહેકમ ખાતામાં નિભાવવામાં આવતી લોકલ ડીસ્પેચબુક (સ્થાનિક પહોંચપોથી) ના સને ૨૦૦૩ ના સાલના ફેબ્રુઆરીથી જુન મહિના સુધીના લાગત પાનાની પ્રમાણિત નકલો" ની માંગણી કરેલ છે. જે સમયમર્યાદામાં પ્રાપ્ત થયેલ નથી. જેથી અપીલ અરજી દાખલ કરેલ છે સદર બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી પાસેથી અરજદારની મૂળ અરજીની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવાજોગ આપવા જોગ પુરક માહિતીની વિગતો, વિલંબ/વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતા , અપીલના મુદ્દા અંગે વિભાગનો પક્ષ રજુ કરવા, માહિતીની દફતરી વિગત સ્પષ્ટ કરવા માટે તા.૦૮/૦૬/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૧૪૦થી જણાવતા તેઓએ તા.૧૬/૦૬/૧૨થી રીપોર્ટથી પુર્તતા કરેલ છે. તે રીપોર્ટને ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીએ તા.૧૨/૦૪/૧૨ના પત્ર નં.જીએડી/ ઈએસટી/૧૯૩થી મધ્યસ્થ મહેકમ ખાતાને લાગત માહિતી/દસ્તાવેજો માટે જરૂરી ફી રૂા.૯૪/– જમા કરાવવા માટે અરજદારને જણાવેલ છે. સદરહુ પત્રથી જાણ કરવા છતાં અરજદારે જરૂરી ફી ભરેલ નથી કે નાણા ભરપાઈ કર્યાની જાણ ખાતાને થયેલ નથી. જેથી માહિતી/દસ્તાવેજો પુરી પાડી શકાયેલ નથી.

અરજદારે કરેલ અપીલ અરજીમાં પણ ફી ભરપાઈ કર્યાની જાણ કરેલ નથી.જાહેર માહિતી અધિકારી તરફથી ફી ભરપાઈ કરવાની જાણ કરતો પત્ર તા.૧૨/૦૪/૧૨થી પાઠવેલ છે જ્યારે અરજદારે તા.૨૧/૦૫/૧૨થી અપીલ દાખલ કરેલ છે. જે એક માસ કરતા લાંબો સમય થયેલ હોવાછતાં સદર પત્ર ખાતાને પરત મળેલ નથી. જેથી સદરહુ પત્ર અરજદારને મળી ગયેલ હોવાનુ માની શકાય અને તેમછતા અરજદારે જરૂરી ફી ભરપાઈ કરેલ નથી.

ઉપરોક્ત વિગતો જોતા અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લઈ, અરજદાર બાબુભાઈ મંછારામ કતારગામવાલાની તા.૨૬/૦૩/૧૨ની મૂળ અરજી મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૯/૦૩/૧૨ના રોજ પ્રાપ્ત થયા બાદ મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી તા.૧૨/૦૪/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૯૩ થી માહિતી/દસ્તાવેજો માટે જરૂરી ફી રૂા.૯૪/– ભરવાની જાણ અરજદારને કરેલ હોવાછતા આજદિન સુધી અરજદારે પત્રમાં જણાવેલ જરૂરી ફી ભરપાઈ કરેલ નથી.

**<u>હુકમ</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી બાબુભાઈ મંછારામ કતારગામવાલાની તા.૨૬/૦૩/૧૨ની મૂળ અરજી મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૯/૦૩/૧૨ના રોજ પ્રાપ્ત થયા બાદ મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીએ તા.૧૨/૦૪/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૯૩ થી માહિતી/દસ્તાવેજો માટે જરૂરી ફી રૂા.૯૪/– ભરવાની જાણ અરજદારને કરેલ હોવાછતા આજદિન સુધી અરજદારે પત્રમાં જણાવેલ જરૂરી ફી ભરપાઈ કરેલ નથી. જેથી જાહેર માહિતી અધિકારીએ જણાવ્યા મુજબની નિયમાનુસારની જરૂરી ફી ભરપાઈ કરી માહિતી / દસ્તાવેજો મેળવી લેવા અરજદાર સ્વતંત્ર છે. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

નં.જીએડી/ઇએસટી/
તા. /૦૬/૨૦૧૨

**ન.સ.રવાના :** આસી.નોડલ ઓફીસરશ્રી પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** બાબુભાઈ મંછારામ કતારગામવાલા

**<u>અપીલ અરજી નં.૦૭/૧૨–૧૩</u>**

**અરજદાર :** શ્રી ભુપેન્દ્ર સી.પટેલ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષયઃ–** અરજદારશ્રી ભુપેન્દ્ર સી.પટેલ ની તા.૦૭/૦૫/૧૨ની અરજી આઈ.ડી. નં.૮૮ના સંદર્ભે સદંતર ખોટી માહિતી પુરી પાડવા બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૨/૦૬/૧૨ની અપીલ અરજી નં. NO.SMC/GAD/ FAP/07/12-13.

અરજદારશ્રી ભૂપેન્દ્ર સી.પટેલે તા.૧૨/૬/૧૨ થી અપીલ અધિકારીશ્રી (મધ્યસ્થ મહેકમ)ને પ્રથમ અપીલ અરજી રજુ કરેલ છે. જેમાં જણાવ્યા મુજબ તેમની તા.૭/૫/૧૨થી અરજી આઈ.ડી. નં.૮૮ સંદર્ભે સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીના તા.૨૫/૫/૧૨ પત્ર નં.જીએડી/ઇએસટી/૯૨૬ થી મળેલ માહિતીથી નારાજ થઈ, આપેલી માહિતી ગેરમાર્ગે દોરનારી અને સદંતર ખોટી હોવાનું કારણ જણાવી, માંગ્યા મુજબની માહિતી આપી ન હોવાથી તેવી માહિતી મેળવવા અપીલ કરેલ છે. જે તા.૧૨/૬/૧૨ ના રોજ અત્રે પ્રાપ્ત થયેલ છે. સદર કેસ બાબતે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારી પાસે અરજદારની મુળ અરજીની નકલ, આપેલી માહિતીની નોંધ વિભાગ સહિતની નકલ, આપવા જોગ પુરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતા તથા અપીલનાં મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા માહિતીની દફતરી વિગત સ્પષ્ટ કરવા જણાવતા તેમણે તા.૨૮/૬/૧૨ના રીપોર્ટથી તે પુરી પાડેલી છે.

જાહેર માહિતી અધિકારીના તા.૨૮/૬/૧૨ના પુર્તતા રીપોર્ટમાં જણાવ્યા મુજબ મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત માહિતી/જવાબ અત્રેના પત્ર નં.જીએડી/ઇએસટી/૯૨૬ તા.૨૫/૫/૧૨થી અરજદારને પાઠવવામાં આવેલ. અરજદાર ધ્વારા પ્રશ્નના સ્વરૂપમાં માહિતી માંગવામાં આવેલ છે. જેના અનુસંધાનમાં અરજદારને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પત્ર ક્રમાંક : પરચ/૧૦૦૨૦૦૯/૪૧૧૮/પી તા.૧૦/૦૮/૦૯ સાથે સામેલ ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ પર્સોનેલ, પબ્લીક ગ્રિવન્સીસ એન્ડ પેન્શનના તા.૦૧/૦૬/૦૯ના ઓફિસ મેમોરેન્ડમ ક્રમાંક : ૧/૭/૨૦૦૯ આઈ.આર.થી માહિતીના અધિકારી અધિનિયમમાં વ્યાખ્યા કર્યા મુજબ "માહિતી" શબ્દમાં "શા માટે" પ્રકારના પ્રશ્નોના જવાબોનો સામાવેશ થતો નથી. તે દર્શાવતી નકલ પુરી પાડવામાં આવેલ છે તથા જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ ૮(૧)(ઠ)ની જોગવાઈ હેઠળ કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિન જરૂરી દખલ થાય તેવી અંગત જાણકારીને લગતી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહીં. જે મુજબ માહિતી જાહેર કરવામાંથી મુકિત આપવાની જોગવાઈઓ કરવામાં આવેલ છે, તે મુજબની માહિતી ઉપરોકત પત્રથી પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોકત હકીકત જોતા અરજદારએ મુદ્દા નં.૧ થી ૫ થી માંગેલ તમામ માહિતી પ્રશ્ન સ્વરૂપમાં કે અભિપ્રાય સ્વરૂપે માંગેલી છે. જે સરકારશ્રીના ઓફિસ મેમોરેન્ડમમાં જણાવ્યા પ્રમાણે માહિતી અધિકારી અધિનિયમની વ્યાખ્યા મુજબ આવા પ્રકારના પ્રશ્નોના જવાબોનો સામાવેશ થતો નથી. જેની નકલ જાહેર માહિતી અધિકારીએ અરજદારને પુરી પાડેલી છે. જયારે આ બાબતેનો કોઈ અભિપ્રાય નકલ સ્વરૂપે ઉપલબ્ધ નથી. મુદ્દા નં.૭ થી માંગેલી માહિતી અધિનિયમની કલમ –૮(૧)(ઠ) કોઈપણ વ્યકિતના અંગત જીવનમાં બિન જરૂરી દખલ થાય તેવી અંગત જાણકારીને લગતી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહી, તે જોગવાઈ હેઠળની હોવાથી તેને મુકિત આપવામાં આવેલ છે. વધુમાં તેવી માહિતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારના સબંધો ધરાવતી નથી. જયારે મુદ્દા નં.૬ની માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ છે.

કર્મચારી અધિકારીને લગતા રેકોર્ડની વિગતો સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેનો અરજદાર આધાર લઈ શકે છે અથવા અરજદાર ઈચ્છુક હોય તો આર.ટી.આઈ. એકટ હેઠળ નવેસરથી અરજી કરી રેકર્ડ આધારીત માહિતી મેળવવા સ્વતંત્ર છે.

**—: હુકમ :—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી ભુપેન્દ્ર સી.પટેલએ તેમની મુળ અરજી આઈ.ડી.નં.૮૮ તા.૭/૫/૧૨ થી મુદ્દા નં.૧ થી ૭ ની માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ થી ૫ તમામ માહિતી પ્રશ્ન સ્વરૂપમાં કે અભિપ્રાય સ્વરૂપે માંગેલી છે.જે સરકારશ્રીના ઓફિસ મેમોરેન્ડમમાં જણાવ્યા પ્રમાણે માહિતી અધિકાર અધિનિયમની વ્યાખ્યા મુજબ આવા પ્રકારના પ્રશ્નોના જવાબોનો સમાવેશ થતો નથી. જેની નકલ જાહેર માહિતી અધિકારીએ અરજદારને પુરી પાડેલી છે. જયારે બાબતેનો કોઈ અભિપ્રાય નકલ સ્વરૂપે ઉપલબ્ધ નથી. મુદ્દા નં.૭થી માંગેલી માહિતી અધિનિયમની કલમ–૮(૧)(ઠ) કોઈ પણ વ્યકિતના અંગત જીવનમાં બિન જરૂરી દખલ થાય તેવી અંગત જાણકારીને લગતી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહીં. તે જોગવાઈ હેઠળની હોવાથી તેને મુકિત આપવામાં આવેલ છે. વધુમાં તેવી માહિતી કોઈ જાહેર ગતિવિધી અથવા હિત સાથે કોઈપણ પ્રકારના સબંધો ધરાવતી નથી. સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા તમામ અધિકારી / કર્મચારીઓને લગતા રેકર્ડની વિગતો સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.જેનો અરજદાર આધાર લઈ શકે છે અથવા અરજદાર ઈચ્છુક હોય તો આર.ટી.આઈ. એકટ હેઠળ નવેસરથી અરજી કરી રેકર્ડ આધારીત માહિતી મેળવવા સ્વતંત્ર છે. તે જોતા અરજદારની અપીલ અરજી અંગે વિશેષ કશુ કરવાનું રહેતુ ન હોય દફતરે કરવામાં આવે છે.

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

નં.જીએડી/ઇએસટી/
તા. /૦૭/૨૦૧૨

**ન.સ.રવાના :** આસી.નોડલ ઓફીસરશ્રી પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી ભુપેન્દ્ર સી.પટેલ

**<u>અપીલ અરજી નં.૦૮/૧૨–૧૩</u>**

**અરજદાર :** નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષયઃ–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૦૫/૦૫/૧૨ ની અરજી આઈ.ડી. નં.૨૧૨ના સંદર્ભે માહિતી ન પુરી પાડવા બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૨/૦૬/૧૨ની અપીલ અરજી નં. NO.SMC/ GAD/ FAP/08/12-13.

સેન્ટ્રલ ઝોનના તા.૧૯/૬/૧૨ના પત્ર નં.સેન્ટ્રલ ઝોન/આરટીઆઈ/આઉટ/નં.૭૨૩ થી અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૫/૫/૧૨ની અરજી આઈ.ડી.નં.૨૧૨ થી માંગેલ માહિતી સંદર્ભે સમય મર્યાદા પુર્ણ થયા છતાં કોઈ માહિતી મળી નથી. તેથી નારાજ થઈ તા.૧૨/૬/૧૨થી અપીલ દાખલ કરેલ છે. જે સેન્ટ્રલ ઝોન થઈને તા.૨૦/૬/૧૨ના રોજ અત્રે પ્રાપ્ત થયેલ છે.

અરજદારે અપીલ અરજી સાથે મુળ અરજીની નકલ રજુ કરેલ છે. જેમાં સુરત મહાનગરપાલિકાની કચેરીના ૧૧ અધિકારી / કર્મચારી વિરૂધ્ધ, ડ્રાઈવરોની ભરતીમાં ભષ્ટ્રાચાર આચરવા સબબ આઈ.પી.સી.ની જોગવાઈઓ અને એટ્રોસીટી એકટ મુજબની કાર્યવાહી માટે તા.૩૦/૩/૧૨ના રોજ અરજી કરેલ. જેની અંતિમ કાર્યવાહી અંગે માહિતીની નકલ માંગેલી ઉપરાંત સદર બાબતની અરજદારની તા.૫/૪/૧૨ના રોજની અરજી આઈ.ડી.નં.૨૦, પોલીસ કમિશ્નરશ્રીને તબદીલ ન કરવા અંગેની માહિતી માંગેલી છે. અપીલ અરજીમાં અરજદારે મધ્યસ્થ મહેકમ વિભાગનો ઉલ્લેખ કરેલ નથી. પરંતુ મુળ અરજીમાં મહેકમ વિભાગનો ઉલ્લેખ કરવામાં આવેલ હોવાથી સદર કેસ બાબતે  સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારી પાસે અરજદારની મુળ અરજીની નકલ, આપેલી માહિતીની નોંધ વિભાગ સહિતની નકલ, આપવા જોગ પુરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતા તથા અપીલનાં મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા માહિતીની દફતરી વિગત સ્પષ્ટ કરવા  અત્રેના તા.૨૭/૦૬/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૪૮૬ થી જણાવવામાં આવેલ.

ઉકત પત્ર સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૩૦/૦૬/૧૨ના રીપોર્ટથી પુર્તતા કરેલ છે. જેમા જણાવ્યા મુજબ અપીલ અરજી સાથે આઈ.ડી.નં.૨૧૨ની અરજી ફી રૂા.૨૦/– ની રસીદ નં.૨૧૨૭૫૮ તા.૦૫/૦૫/૧૨ તથા ડે.ઈજનેર(સેન્ટ્રલ ઝોન) ધ્વારા સદર આઈ.ડી.નં.૨૧૨ તા.૦૫/૦૫/૧૨ની અરજી જાહેર માહિતી અધિકારી અને અગ્ર સચિવશ્રી,શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,ગુજરાત રાજય, ગાંધીનગરને તબદીલ કર્યાના પત્ર તથા આઈ.ડી.નં.૨૧૨ તા.૦૫/૦૫/૧૨ દર્શાવી કરેલ અપીલ અરજી તા.૧૨/૦૬/૧૨ તથા આઈ.ડી. નં.૨૧૩ તા.૦૫/૦૫/૧૨ની અરજી તથા સી.સી.સી./ સે.ઝોન/આ.નં./૨૮૫ તા.૧૨/૦૬/૧૨થી નોંધાયેલ અપીલ અરજીના પેપર્સ મધ્યસ્થ મહેકમ વિભાગને મળેલ પરંતુ મધ્યસ્થ મહેકમ વિભાગને અરજદારની તા.૦૫/૦૫/૧૨ની આઈ.ડી.નં.૨૧૩ની અરજી જ સેન્ટ્રલ ઝોન ધ્વારા તબદીલ થઈને મળેલ હતી. જેના સંદર્ભમાં અરજદારને અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/૮૬૩ તા.૨૨/૦૫/૧૨થી માહિતી/ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. જયારે આઈ.ડી.નં.૨૧૨ની અરજી અત્રેના ખાતાને મળેલ ન હોય, તે અંગે કોઈ પુર્તતા કરવાની રહેતી નથી એવુ જણાવેલ છે.

ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી(સેન્ટ્રલ ઝોન)ના પત્ર નં.સે.ઝો/ આરટીઆઈ/આ.નં./૩૩૩ તા.૦૭/૦૫/૧૨ થી અગ્રસચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગરને અરજી તબદીલ કરેલ. જેની નકલ અરજદારે અપીલ અરજી સાથે બિડેલ છે. જેમા આઈ.ડી.નં.૨૧૨ તા.૦૫/૦૫/૧૨ દર્શાવેલ છે. જેની ૩૦ દિવસની સમય મર્યાદા પુરી થયેલ હોવાછતાં અરજદારને સુરત મહાનગરપાલિકાની કચેરી અને અગ્રસચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગરની માહિતી ન મળવાથી નારાજ, પ્રભાવિત, અસંતુષ્ટ થઈ ડે.કમિશ્નરશ્રી(સ્પે.) અને એપેલેટ અધિકારીશ્રીને અપીલ અરજી કરેલ છે.

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા અરજદારે જે અરજી આઈ.ડી.નં.૨૧૨ તા.૦૫/૦૫/૧૨ સામે અપીલ કરેલ છે તે અરજી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ નથી. જેથી અરજદારની સદર અપીલ અરજી સેન્ટ્રલ ઝોનથી ખોટી રીતે મધ્યસ્થ મહેકમ વિભાગને રવાના કરવામાં આવે છે. તે જોતા મધ્યસ્થ મહેકમ લેવલે અરજદારની અપીલ અરજી અંગે કશુ કરવાનુ ન હોય દફતરે કરવા જોગ છે.

**-: હુકમ :-**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારએ આઈ.ડી.નં.૨૧૨ તા.૦૫/૦૫/૧૨ સામે અપીલ કરેલ છે તે અરજી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ નથી. જેથી અરજદારની સદર અપીલ અરજી સેન્ટ્રલ ઝોનથી ખોટી રીતે મધ્યસ્થ મહેકમ વિભાગને રવાના કરવામાં આવેલ છે. તે જોતા મધ્યસ્થ મહેકમ લેવલે અરજદારની અપીલ અરજી અંગે કશુ કરવાનુ રહેતુ ન હોય દફતરે કરવામા આવે છે.

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

નં.જીએડી/ઇએસટી/
તા. /૦૭/૨૦૧૨

**ન.સ.રવાના :** આસી.નોડલ ઓફીસરશ્રી પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** નરેશભાઈ નાનજીભાઈ બથવાર

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

## અપીલ અરજી નં.૦૯/૧૨–૧૩

**અરજદાર :** નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

### ફરીયાદની હકીકત :–

**વિષયઃ–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૬/૦૬/૧૨ની અરજી આઈ.ડી. નં.૪૮૨ના સંદર્ભે માહિતી ન પુરી પાડવા બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૭/૦૭/૧૨ની અપીલ અરજી નં.NO.SMC/GAD/ FAP/09/12-13.

અરજીમાં સુપ્રિમ કોર્ટના હુકમથી દરેક મિનિસ્ટ્રી ઓફ ગર્વમેન્ટ લેવલના અધિકારી વિગેરેની માહિતી આપી ન શકાય પરંતુ તેની નીચલી કક્ષાના જાહેર માહિતી અધિકારીની માહિતી નકલો માગ્યા મુજબ પુરી પાડવાની ફરજ બાંધેલ છે. તે સંદર્ભમાં કાયદામાં ઉચ્ચ અધિકારી/કર્મચારી કે નીચલા વર્ગના અધિકારી / કર્મચારી એવો વર્ગભેદ ન હોય શકે. કાયદો બધા માટે સમાન હોય, તે ધ્યાને લેતા પણ જાહેર માહિતી અધિકારીનો નિર્ણય યોગ્ય જણાય છે. તે હકીકત ધ્યાને લેતા અપીલ અરજી અંગે વિશેષ કઈ કરવાનું રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**<u>–: હુકમ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૫/૧૦/૧૨ની મુળ અરજી આઈડી. નં.૧૪૩૫ સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૭ અને ૮ આંશિક માહિતી, તાજેતરના નામ. સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન સીવીલ નં.૨૭૭૩૪/૧૨ ના ચુકાદાને ધ્યાને રાખી તે મુજબ સદર માહિતી આર.ટી.આઈ. એક્ટ–૨૦૫ ની કલમ ૮(૧)(ઠ)ની જોગવાઈ હેઠળ ગણી ત્રાહિત વ્યકિત, બંને અધિકારી/કર્મચારીની શૈક્ષણિક લાયકાતની નકલ તેમજ અનુભવના સર્ટીફીકેટની નકલ પ્રગટ કરવામાં વિશાળ જાહેર હિત સમાયેલુ હોવાનું જણાતુ ન હોવાનો સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીનો નિર્ણય વ્યાજબી જણાતો હોય, અપીલ અરજી દફતરે કરવા પાત્ર જણાય છે. વધુમાં અરજદારે અપીલ અરજીમાં સુપ્રિમ કોર્ટના હુકમથી દરેક મિનિસ્ટ્રી ઓફ ગર્વમેન્ટ લેવલના અધિકારી વિગેરેની માહિતી આપી ન શકાય પરંતુ તેની નીચલી કક્ષાના જાહેર માહિતી અધિકારીની માહિતી નકલો માગ્યા મુજબ પુરી પાડવાની ફરજ બાંધેલ છે. તે સંદર્ભમાં કાયદામાં ઉચ્ચ અધિકારી/કર્મચારી કે નીચલા વર્ગના અધિકારી / કર્મચારી એવો વર્ગભેદ ન હોય શકે. કાયદો બધા માટે સમાન હોય, તે ધ્યાને લેતા પણ જાહેર માહિતી અધિકારીનો નિર્ણય યોગ્ય જણાય છે. તે હકીકત ધ્યાને લેતા અપીલ અરજી અંગે વિશેષ કઈ કરવાનું રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૪૩૯૨
તા.૨૮/૦૧/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** નરેશભાઈ નાનજીભાઈ બથવાર,પ્રતિ.......જાણ માટે.

RIGHT TO INFORMATION

ફેકસ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,
સુરત – ૩૯૫ ૦૦૩.

## અપીલ અરજી નં.૨૨/૧૨–૧૩

**અરજદાર :** નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:**–અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૫/૧૦/૧૨ની અરજી આઈ.ડી. નં.૧૩૩૧ સંદર્ભે પુરી પાડેલ માહિતી બાબત.

**સંદર્ભ:**–અરજદાર મજકુરની તા.૧૫/૧૨/૧૨ની અપીલ અરજી No.SMC/GAD/FAP/ 22/12-13.

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૧૫/૧૦/૧૨ની આઈ.ડી.નં.૧૩૩૧ થી કુલ ચાર મુદ્દાઓની માહિતી માંગેલી. જે સેન્ટ્રલ ઝોન માફરત રીક્રુટમેન્ટ વિભાગ અને મધ્યસ્થ મહેકમ વિભાગને મોકલવામાં આવેલ. મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત માહિતી માટે સેકશન ઓફીસરશ્રી(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૯/૧૧/૧૨ ના પત્ર નં.જીએડી/ ઇએસટી /૩૫૮૨થી માહિતીની નિયમાનુસાર રૂબરૂ ચકાસણી, ખાતાનો સંપર્ક કરી આગોતરો સમય મેળવી ઈન્સ્પેકશન બાદ ખપપુરતી નકલો નિયમાનુસાર મેળવવા અંગેની જાણ અરજદારને કરેલ છે. અરજદારે તે મુજબ નહીં કરતા "આ બાબતમાં વાંધો છે કારણ કે અરજદારે બી.પી.એલ. કાર્ડની પ્રમાણિત નકલનુ બિડાણ સદર અરજી આઈ.ડી.નં.૧૩૩૧ સાથે કરેલ હોવાથી તપાસણી કરવાનુ રહેતુ નથી, ફકત માંગેલ માહિતીની નકલો અમો અરજદારને પુરી પાડવાની રહે છે" એવુ જણાવી પ્રથમ અપીલ કરેલ છે.

સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીશ્રીએ રજુ કરેલ પુર્તતામાં નોંધ વિભાગને ધ્યાને લેતા અરજદાર મજકુરની અગાઉની અરજી આઈ.ડી.નં.૨૧૧૬ તા.૨૯/૩/૧૨ ધ્વારા ૨૨૪ ડ્રાઈવરોના નામ, કર્મ.નંબર, જન્મ તારીખ, લાયસન્સ નંબર, અનુભવના પ્રમાણપત્રો, શૈક્ષણિક લાયકાત, નિમણુંકની તારીખ વિગેરે માહિતીના અનુસધાને ખાતાની આંશિક માહિતી બાબતે અરજદારને પત્ર નં.જીએડી/ઇએસટી/૩૬૩ તા.૨૩/૪/૧૨થી લાગત દફતરની રૂબરૂ ચકાસણી કરવા અથવા તેની નકલો નિયમાનુસાર નકલ ફી રૂ.૩૫૬૨/– ભરપાઈ કરી મેળવી લેવા જણાવવામાં આવેલ. તે સંદર્ભેની અરજદારની અરજી અન્વયે પત્ર નં.જીએડી/ઇએસટી/૫૮૩ તા.૮/૫/૧૨થી, તા.૯/૫/૧૨ના રોજ ઈન્સ્પેકશન માટે હાજર રહેવા જણાવવામાં આવેલ. સંપુર્ણ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય, પુરી પાડી શકાય તેમ નથી. અને ઈચ્છુક હોય તો નિયામાનુસારની નકલ ફી ભરી માહિતી મેળવી લેવી અથવા ફરીથી ઈન્સ્પેકશન મેળવવા જણાવવામાં આવેલ. ત્યારબાદ અરજદાર ધ્વારા સદરહુ મુળ અરજીમાં તા.૨૮/૫/૧૨થી નં.એસએમસી/એફએપી/૦૫/૧૨–૧૩ થી અપીલ અરજી કરવામાં આવેલ અને પર્સોનેલ ઓફીસર(મહેકમ) અને અપીલ અધિકારીશ્રી ધ્વારા નં.જીએડી/ઇએસટી/૧૩૭૦ તા.૨૧/૬/૧૨થી અરજદારને રેકર્ડની રૂબરૂ ચકાસણી કરી જરૂરીયાત મુજબની નકલો નિયમાનુસાર ફી ભરીને માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર હોવાનુ જણાવી અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવેલ. પરંતુ અરજદાર ધ્વારા અપીલના હુકમના અનુસંધાનમાં પણ ઈન્સ્પેકશન કરેલ નથી કે જરૂરી નકલ ફી ભરીને માહિતી મેળવેલ નથી. આથી અરજદારને વ્યાજબી તક આપવા છતાં માહિતી મેળવેલ નથી અને વારંવાર સમાન મુદ્દાને લગતી માહિતીઓ મેળવવા અરજીઓ કરે છે. જયારે અન્ય મુદ્દાઓની માહિતી તૈયાર કરેલી છે. પરંતુ અરજદાર ઈન્સ્પેકશન કરીને નકલોની માંગણી કરે તેની સાથે આપવા જાહેર માહિતી અધિકારીએ તૈયારી દર્શાવેલ છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |



અગાઉની અરજી અરજદાર મજકુરે નિયમાનુસાર રૂ.૨૦/– ભરીને કરેલ હોવાથી જરૂરી નકલ ફી ભરીને / ઈન્સ્પેકશન કરી ખપપુરતી નકલો નિયમાનુસાર મેળવવા જણાવવામાં આવેલ છે. જ્યારે અરજદારની હાલની અરજી તેમણે બી.પી.એલ. કાર્ડ સામેલ રાખી કરેલ હોવાથી તે વિનામુલ્યે આપવાની રહે. જાહેર માહિતી અધિકારીએ અગાઉની અરજીમાં રૂ.૩૫૬૨/– જેટલી નકલ ફી જણાવેલ છે. તે જોતા સદર માહિતીની નકલો વિપુલ પ્રમાણમાં છે. તે ધ્યાને રાખી, સદર અરજીમાં અરજદારને ઈન્સ્પેકશન કરી ખપ પુરતી નકલો મેળવવા જણાવેલ છે. તે વ્યાજબી જણાય છે વધુમાં આર.ટી.આઈ. એકટની કલમ ૭(૯)માં જણાવેલ છે કે "જ્યાં સુધી તે જાહેર સત્તા મંડળના સંસાધનોને વધુ પડતા બીજે માર્ગે વાળી ન દે અથવા સબંધિત રેકર્ડની સુરક્ષા રાખવા સાચવણીને નુકશાનકારક બને નહી ત્યાં સુધી જેમાં તે માંગવામાં આવી છે તે પ્રકારે માહિતી સામાન્ય રીતે પુરી પડાશે" તે ધ્યાને લેતા પણ જાહેર માહિતી અધિકારીએ અરજદારને ઈન્સ્પેકશન કરી ખપપુરતી નકલો મેળવવા જણાવેલ છે જે વ્યાજબી જણાય છે.

ઉપરોકત સઘળી હકીકતો ધ્યાને લેતા એવુ તારણ કરી શકાય કે, મધ્યસ્થ મહેકમ વિભાગના રેકર્ડ ઉપર ઉપલબ્ધ મુદ્દા નં.૧ સંદર્ભે ડ્રાઈવરોની તા.૬/૨/૦૯ની પ્રતિક્ષાયાદીની નકલ તે સંદર્ભે કાઢવામાં આવેલ કચેરી હુકમની નકલો, મુદ્દા નં.૨ સંદર્ભે વિવિધ કારણોસર, છુટા કરેલ ડ્રાઈવરોના હુકમની નકલો, ખાતાકીય રીપોર્ટ મુજબ નહીં હાજર થયેલ ડ્રાઈવરોના હુકમની નકલો, ખાતાકીય રીપોર્ટ મુજબ નહીં હાજર થયેલ ડ્રાઈવરોની વિગત, મુદ્દા નં.૩ સંદર્ભે સામાન્ય સભા ઠરાવ નં.૨૦૯ તા.૩૦/૯/૮૯ની નકલ અરજદારને વિનામુલ્યે પુરી પાડવાનુ ઉચિત જણાય છે. જ્યારે મુદ્દા નં.૧ની હેવી વ્હીકલ લાયસન્સ વિગેરે બાબતો ત્રાહિત વ્યકિતને લાગત ખાનગી હોય, હાલમાં સુપ્રિમ કોર્ટમાં દાખલ સ્પે.લીવ પીટીશન (સીવીલ) નં.૨૭૭૩૪/૨૦૧૨ અને સી.સી.૧૪૭૮૧/૨૦૧૨ સંદર્ભે નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદાને ધ્યાને લેતાં આર.ટી.આઈ. કાયદાની કલમ ૮(૧)(ચ) અને ૮(૧)(ઠ) હેઠળની જણાતી હોય, જેથી પુરી પાડવાની રહેતી નથી. જ્યારે મુદ્દા નં.૪ થી માંગેલ માહિતી અભિપ્રાય સ્વરૂપમાં માંગેલી માહિતી પણ જોગવાઈ મુજબ આપવાની રહેતી નથી.

**<u>–: હુકમ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૫/૧૦/૧૨ની અરજી નં.આઈ.ડી.૧૩૩૧ સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગના ઉપલબ્ધ રેકર્ડ ઉપરથી મુદ્દા નં.૧ સંદર્ભે ડ્રાઈવરોની તા.૬/૨/૦૯ની પ્રતિક્ષાયાદીની નકલ તે સંદર્ભે કાઢવામાં આવેલ કચેરી હુકમની નકલો, મુદ્દા નં.૨ સંદર્ભે વિવિધ કારણોસર, છુટા કરેલ ડ્રાઈવરોના હુકમની નકલો, ખાતાકીય રીપોર્ટ મુજબ નહીં હાજર થયેલ ડ્રાઈવરોના હુકમની નકલો, ખાતાકીય રીપોર્ટ મુજબ નહીં હાજર થયેલ ડ્રાઈવરોની વિગત, મુદ્દા નં.૩ સંદર્ભે સામાન્ય સભા ઠરાવ નં.૨૦૯ તા.૩૦/૯/૮૯ની નકલ અરજદારને અત્રેની જાણ હેઠળ વિનામુલ્યે દિન–૭મા પુરી પાડવા સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૪૩૨૩
તા.૨૩/૦૧/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને**
**અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર પ્રતિ...... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

## અપીલ અરજી નં.૨૩/૧૨–૧૩

**અરજદાર :** નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

### ફરીયાદની હકીકત :–

**વિષયઃ**–અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૦૫/૧૧/૧૨ની અરજી સંદર્ભે પુરી પાડેલ માહિતી બાબત.

**સંદર્ભઃ**–અરજદાર મજકુરની તા.૧૫/૧૨/૧૨ની અપીલ અરજી No.SMC/GAD/FAP/ 23/12-13.

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૦૫/૧૧/૧૨ની અરજીથી કુલ ત્રણ મુદ્દાઓની માહિતી માંગેલી. જે સેન્ટ્રલ ઝોનથી રીક્રુટમેન્ટ વિભાગ મારફત મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૧૯/૧૧/૧૨ના રોજ પ્રાપ્ત થયેલ છે. માંગવામાં આવેલ માહિતી પૈકી આંશિક માહિતી વીજીલન્સ વિભાગને લાગત હોવાથી સેકશન ઓફીસરશ્રી (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૨/૧૧/૧૨ના પત્ર નં.જીએડી/ઇએસટી/૩૬૫૨ થી તે વિભાગને તબદીલ કરેલ છે. જયારે તા.૨૨/૧૧/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૬૫૪થી અરજીના મુદ્દા નં.૧ અને ૩ સંદર્ભે સદરહું પોસ્ટ પર ફરજ બજાવતા કર્મચારીઓ ગાર્ડન વિભાગમાં ફરજ બજાવતા હોય તેઓની સેવાપોથી ભરવા અંગેની કાર્યવાહી તે વિભાગ ધ્વારા કરવામાં આવે છે અને સદર અરજી સેન્ટ્રલ ઝોન તરફથી તે વિભાગને તબદીલ થયેલ છે. જયારે મુદ્દા નં.૨ અંગેની માહિતી માટે વીજીલન્સ વિભાગને તબદીલ કરવામાં આવેલી છે. અરજદારે પોતાની અપીલ અરજીમાં પણ તેનો સ્વીકાર કરેલ છે. અને તેઓએ કોઈ ફરીયાદ કરેલ નથી. તે જોતા આ બાબતે અરજદાર મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી પુરી પડાયેલ માહિતીથી સંતુષ્ટ હોવાનુ જણાય છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૦૫/૧૧/૧૨ની અરજીથી માંગેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગના સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૨/૧૧/૧૨ના પત્ર નં.જીએડી/ઇએસટી/૩૬૫૪ થી પુરી પડાયેલ માહિતીથી નારાજ હોવાનુ જણાતું નથી. સદર પુરી પડાયેલ માહિતીથી અરજદાર સંતુષ્ટ હોવાનું જણાતા અપીલ અરજી દફતરે કરવા જોગ છે.

### –: હુકમ :–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૦૫/૧૧/૧૨ની અરજીથી માંગેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગના સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૨/૧૧/૧૨ના પત્ર નં.જીએડી/ઇએસટી/૩૬૫૪ થી પુરી પડાયેલ માહિતીથી નારાજ હોવાનુ જણાતું નથી. સદર પુરી પડાયેલ માહિતીથી અરજદાર સંતુષ્ટ હોવાનું જણાતું હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૪૩૫૨
તા.૨૩/૦૧/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને**
**અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર પ્રતિ... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૨૪/૧૨–૧૩**

**અરજદાર :** નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:**–અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૦૪/૧૦/૧૨ની અરજી આઈ.ડી. નં.૧૨૩૧ સંદર્ભે પુરી પાડેલ માહિતી બાબત.

**સંદર્ભ:**–અરજદાર મજકુરની તા.૧/૧૨/૧૨ની અપીલ અરજી No.SMC/GAD/FAP/24/12-13

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૦૪/૧૦/૧૨ની આઈ.ડી.નં.૧૨૩૧ થી કુલ ચાર મુદ્દાઓની માહિથી માંગેલી, જે સેન્ટ્રલ ઝોનથી રીક્રુટમેન્ટ વિભાગ થઈને તા.૯/૧૦/૧૨ના રોજ મઘ્યસ્થ મહેકમ વિભાગને પ્રાપ્ત થયેલ છે. સદર મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૨. "એસ.એમ.સી.ના કુલ ૩૦૦ કારકુનોની જાહેરાતની માહિતી" મઘ્યસ્થ મહેકમ વિભાગને લાગત હોવાથી તેમજ અરજદાર બી.પી.એલ. હોવાથી સેકશન ઓફીસરશ્રી (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ નં.પીઆરઓ/૦૧/૨૦૧૦–૧૧ તા.૧/૪/૧૦ થી આપવામાં આવેલ જાહેરાતની નકલ અરજદારને તા.૨૫/૧૦/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૪૫૨ થી પુરી પાડેલ છે. અરજદારે કરેલ અપીલ અરજીમાં પણ મઘ્યસ્થ મહેકમ વિભાગે માહિતી પુરી પાડેલ છે એવુ જણાવેલ છે. પરંતુ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી પુરી પાડવામાં આવેલ માહિતી પૈકી ન પુરી પડાયેલ માહિતી માટે અપીલ કરેલ છે. તે હકીકત ઘ્યાને લેતા અરજદારની અરજી સંદર્ભે વિશેષ કઈ કરવાનું રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ઘ હકીકત ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૪/૧૦/૧૨ની આઈ.ડી.નં.૧૨૩૧ અંગે સેકશન ઓફીસરશ્રી (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ નં.પીઆરઓ/૦૧/ ૨૦૧૦–૧૧ તા.૧/૪/૧૦ થી આપવામાં આવેલ જાહેરાતની નકલ અરજદારને તા.૨૫/૧૦/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૪૫૨ થી પુરી પાડેલ છે. અરજદારે કરેલ અપીલ અરજીમાં પણ મઘ્યસ્થ મહેકમ વિભાગે માહિતી પુરી પાડેલ છે એવુ જણાવેલ છે જેથી અરજદારની અરજી સંદર્ભે વિશેષ કઈ કરવાનું રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૪૧૯૪
તા.૧૦/૦૧/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને**
**અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર પ્રતિ..... જાણ માટે.

## **અપીલ અરજી નં.૨૫/૧૨–૧૩**

**અરજદાર :** નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ**–અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૬/૧૧/૧૨ની અરજી આઈ.ડી.નં.૧૫૫૬ સંદર્ભે પુરી પાડેલ માહિતી બાબત.

**સંદર્ભઃ**–અરજદાર મજકુરની તા.૨૦/૧૨/૧૨ની અપીલ અરજી No.SMC/GAD/FAP/ 25/12-13.

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૧૬/૧૧/૧૨ની અરજી આઈ.ડી. નં.૧૫૫૬ થી કુલ ૧૩ મુદ્દાઓની માહિતી માંગેલી. જે સેન્ટ્રલ ઝોનના ડે.ઈજનેર તરફથી પર્સોનેલ ઓફીસર, સેન્ટ્રલ ઝોન, રીક્રુટમેન્ટ વિભાગ અને મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૧૯/૧૧/૧૨ના પત્ર નં.જીએડી/ઇએસટી/૨૨૯૧ થી તબદીલ કરવામાં આવેલ છે. સેકશન ઓફીસરશ્રી (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ લાગત માહિતી અરજદાર મજકુર બી.પી.એલ. હોવાથી કાયદાની જોગવાઈ મુજબ તા.૨૯/૧૧/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૬૭૬થી વિનામુલ્યે પુરી પાડેલ છે. જેમાં મુદ્દા નં.૧ અને ૨ ની માંગણી મુજબની માહિતી પુરી પાડેલ હોવાથી તે બાબતે કોઈ તકરાર નથી. મુદ્દા નં.૩ થી ૭, ૧૧ અને ૧૩ મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત નથી. જેથી તે સંદર્ભે મહેકમ વિભાગ તરફથી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી / કરવામાં રહેતી નથી. મુદ્દા નં.૧૨ થી ભૌતિક સ્વરૂપને બદલે અભિપ્રાય સ્વરૂપની માહિતીની માંગણી કરેલ હોવાથી તે સંદર્ભે પણ માહિતી આપવા જોગ થતી નથી. મુદ્દા નં૬૮,૯ અને ૧૦થી પર્સોનેલ ઓફીસર (મહેકમ), સેન્ટ્રલ ઝોનની સ્થાવર જંગમ મિલ્કત સંદર્ભેની છે તે સંદર્ભે સેકશન ઓફીસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ સુપ્રિમ કોર્ટના સ્પે. લીવ પીટીશન (સીવીલ નં.૨૭૭૩૪/૧૨ ના ચુકાદાને અવલોકને રાખી, કર્મચારીની સ્થાયી મિલ્કતો અંગેના પત્રકોની માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોવાના આધારે આર.ટી.આઈ. કાયદાની કલમ ૮(૧)(ઠ) હેઠળની ગણી, નકારવામાં આવેલ છે. જે વ્યાજબી જણાય છે. જયારે મુદ્દા નં.૯ની આંશિક માહિતી રેકર્ડ આધારીત 'નીલ' હોવાનુ જણાવેલ છે.

અરજદારે ઉક્ત સુપ્રિમ કોર્ટનો ચુકાદાથી વી.આઈ.પી. અધિકારીની માહિતી માટે આર.ટી.આઈ.ની કલમ ૮(૧) લાગુ પડે છે. પરંતુ એસ.એમ.સી.ના પર્સોનેલ ઓફીસર માટે સુપ્રિમ કોર્ટનો ચુકાદો નિરથર્ક હોવાનુ જણાવેલ છે. તે અંગે કાયદો તમામ વી.આઈ.પી. કે સામાન્ય કર્મચારી / અધિકારીઓ માટે સમાન ગણી શકાય તે હેતુને ઘ્યાને લેતા અરજદારની સદર રજુઆત પણ યોગ્ય જણાતી નથી.

ઉપરોકત હકીકત ઘ્યાને લેતા અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૬/૧૧/૧૨ની અરજી આઈ.ડી.નં.૧૫૫૬ સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧,૨, ૮ થી ૧૦ અને ૧૨ ની માહિતીમાં મુદ્દા નં.૧ અને ૨ અંગે કોઈ તકરાર નથી. મુદ્દા નં. ૮,૯ અને ૧૦થી પર્સોનેલ ઓફીસર (મહેકમ), સેન્ટ્રલ ઝોનની સ્થાવર જંગમ મિલ્કત સંદર્ભેની છે તે સંદર્ભે સેકશન ઓફીસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ સુપ્રિમ કોર્ટના સ્પે. લીવ પીટીશન (સીવીલ નં.૨૭૭૩૪/૧૨ ના ચુકાદાને અવલોકને રાખી, કર્મચારીની સ્થાયી મિલ્કતો અંગેના પત્રકોની માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોવાના આધારે આર.ટી.આઈ. કાયદાની કલમ ૮(૧)(ઠ) હેઠળની ગણી, નકારવામાં આવેલ છે. જે વ્યાજબી જણાય છે. જયારે મુદ્દા નં.૯ની આંશિક માહિતી રેકર્ડ આધારીત 'નીલ' હોવાનુ જણાવેલ છે. જેથી અરજદારની અપીલ અરજી સંદર્ભે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

....૨...

| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |
|---|---|---|---|



**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૬/૧૧/૧૨ની અરજી આઈ.ડી.નં.૧૫૫૬ સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧,૨, ૮ થી ૧૦ અને ૧૨ ની માહિતીમાં મુદ્દા નં.૧ અને ૨ અંગે કોઈ તકરાર નથી. મુદ્દા નં. ૮,૯ અને ૧૦થી પર્સોનેલ ઓફીસર (મહેકમ), સેન્ટ્રલ ઝોનની સ્થાવર જંગમ મિલ્કત સંદર્ભેની છે તે સંદર્ભે સેકશન ઓફીસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ સુપ્રિમ કોર્ટના સ્પે. લીવ પીટીશન (સીવીલ નં.૨૭૭૩૪/૧૨ ના ચુકાદાને અવલોકને રાખી, કર્મચારીની સ્થાયી મિલ્કતો અંગેના પત્રકોની માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોવાના આધારે આર.ટી.આઈ. કાયદાની કલમ ૮(૧)(ઠ) હેઠળની ગણી, નકારવામાં આવેલ છે. જે વ્યાજબી જણાય છે. જયારે મુદ્દા નં.૯ની આંશિક માહિતી રેકર્ડ આધારીત 'નીલ' હોવાનુ જણાવેલ છે. જેથી અરજદારની અપીલ અરજી સંદર્ભે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૪૩૮૬
તા.૨૪/૦૧/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ) અને**
**અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર પ્રતિ..... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |


## અપીલ અરજી નં.૨૬/૧૨–૧૩

**અરજદાર :** નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૦૧/૧૦/૧૨ની અરજી આઈ.ડી.નં.૧૨૦૧ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૯/૧૧/૧૨ની અપીલ અરજી No.SMC/GAD/ FAP/26/12-13

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૦૧/૧૦/૧૨ની આઈ.ડી.નં.૧૨૦૧ થી કેટલીક માહિતી માંગેલી તે પૈકીની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને પણ લાગત હોવાનુ જણાવી સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતી અધિકારીએ તા.૪/૧૦/૧૨ના પત્ર નં.૧૮૪૮ થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરેલ છે. સેકશન ઓફીસરશ્રી (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ અરજી સંદર્ભે કાર્યવાહી કરી તા.૨૨/૧૦/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૪૦૭ ના પત્રથી અરજદારને મધ્યસ્થ મહેકમ ખાતાને લાગત માહિતીની રૂબરૂ ચકાસણી કરવા તા.૨૫/૧૦/૧૨ના રોજ બપોરે ૪.૦૦ થી ૪.૩૦ કલાક દરમ્યાન મહેકમ ખાતાની કચેરીએ હાજર રહી ઈન્સ્પેકશન કર્યા બાદ ખપપુરતી નકલો નિયામનુસાર મેળવી શકશો તેવી જાણ કરેલી તે સંદર્ભે અરજદાર રૂબરૂ હાજર રહયા નથી કે કોઈ પત્ર વ્યવહારથી પણ જાણ કરેલી નથી અને સેન્ટ્રલ ઝોન તરફથી પુરી પાડવામાં આવેલી માહિતીથી નારાજ હોવાનુ જણાવી અપીલ અરજી કરી દીધેલી છે. તેમની અપીલ અરજીમાં મહેકમ વિભાગના નિર્ણય સંદર્ભેનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. તે જોતા મધ્યસ્થ મહેકમ વિભાગના નિર્ણયથી નારાજ હોવાનુ જણાતુ નથી અને સંતુષ્ટ હોવાનુ જણાય છે. તે હકીકત ધ્યાને લેતા અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

ઉપરોક્ત હકીકતથી વિદિત થઈ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૧/૧૦/૧૨ની અરજી આઈ.ડી.નં.૧૨૦૧ થી માંગેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત માહિતી માટે સેકશન ઓફીસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૨/૧૦/૧૨ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૩૪૦૭ થી રેકર્ડની રૂબરૂ ચકાસણી કરી ઈન્સ્પેકશન બાદ ખપપુરતા પાનાની નકલ મેળવવા જણાવેલ છે. તે મુજબ માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે. વધુમાં અરજદારે અપીલ અરજીમાં મધ્યસ્થ મહેકમ વિભાગના નિર્ણયથી નારાજ થયાનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. જેથી તેઓ મધ્યસ્થ મહેકમ વિભાગના નિર્ણયથી સંતુષ્ટ હોવાનું જણાતુ હોય, અપીલ અરજી દફતરે કરવા જોગ છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૧/૧૦/૧૨ની અરજી આઈ.ડી.નં.૧૨૦૧ થી માંગેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત માહિતી માટે સેકશન ઓફીસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૨/૧૦/૧૨ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૩૪૦૭ થી ઉપલબ્ધ રેકર્ડની રૂબરૂ ચકાસણી કરી, ઈન્સ્પેકશન બાદ ખપપુરતા પાનાની નકલ મેળવવા જણાવેલ છે. તે મુજબ માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે. વધુમાં અરજદારે અપીલ અરજીમાં મધ્યસ્થ મહેકમ વિભાગના નિર્ણયથી નારાજ થયાનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. જેથી તેઓ મધ્યસ્થ મહેકમ વિભાગના નિર્ણયથી સંતુષ્ટ હોવાનું જણાતુ હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૪૧૬૬
તા.૦૯/૦૧/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર પ્રતિ..... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૨૭/૧૩–૧૩**

**અરજદાર :** શ્રી વિઠ્ઠલભાઈ ઈશ્વરભાઈ સોલંકી

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી વિઠ્ઠલભાઈ ઈશ્વરભાઈ સોલંકીની તા.૧૯/૧૧/૧૨ની અરજી આઈ.ડી.નં.૫૮૯ના અનુસંધાને આપવામાં આવેલી માહિતી બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૩/૦૧/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/27/12-13.

અરજદારશ્રી વિઠ્ઠલભાઈ ઈશ્વરભાઈ સોલંકીએ તા.૧૯/૧૧/૧૨ની અરજીથી સાઉથ વેસ્ટ ઝોન(અઠવા)ના જાહેર માહિતી અધિકારી પાસેથી "સુરત મહાનગરપાલિકામા કામ કરતા કર્મચારીઓના પેન્શન, વીમા, ગ્રેજ્યુઈટી વિગેરેની રકમ અંગે નોમીનેશન હોવા છતા વાંધો લેવામાં આવ્યો હતો. તેવા કિસ્સામાં આ રકમ કોને આપવામાં આવે છે? તે બાબતની માહિતીની માંગણી કરેલ છે. જે અઠવા ઝોનમાં આઈ.ડી.નં.૫૮૯ તા.૧૯/૧૧/૧૨ થી નોંધાયા બાદ તા.૨૧/૧૧/૧૨ ના પત્ર નં.૯૧૦ થી સેકશન ઓફીસર (મહેકમ–પી)ને સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ છે. સેકશન ઓફીસર (પી) અને જાહેર માહિતી અધિકારીએ તા.૫/૧૨/૧૨ના પત્ર નં.જીએડી/ઇએસટી/પી/૨૪૯૩ થી માહિતી આરટીઆઈ એકટ ૨૦૦૫ની કલમ ૮(૧)(ઠ) મુજબ માહિતી આપી શકાય તેમ નથી" એવુ જણાવી નકારેલ છે.

સદર બાબતે જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકામાં ગુજરાત રાજય સરકારશ્રીના ઠરાવો અને તેના અનુસંધાને સુરત મહાનગરપાલિકા પરિપત્રોને આધારે પેન્શન, વીમા, ગ્રેજ્યુઈટી વિગેરે રકમ પેન્શનરને ચુકવવામાં આવે છે. કર્મચારી / પેન્શનરના અવસાનના કિસ્સામાં સદર ઠરાવ પરિપત્રની જોગવાઈઓ મુજબ તેમના નિયમાનુસારના વારસદારને ફેમીલી પેન્શન, ગ્રેજ્યુઈટી વિગેરેની રકમ ચુકવવામાં આવે છે. "નોમીનેશન હોવા છતાં વાંધો લેવામાં આવ્યો હોય તેવા કિસ્સામાં આ રકમ કોને આપવામાં આવે છે." તેવી અરજદારની રજુઆત અંગે જણાવવાનુ કે, સરકારશ્રીના/ સુરત મહાનગરપાલિકાના ઠરાવ / પરિપત્રો સાથે સુસંગત હોય તેવા કિસ્સામાં નોમીનેશન મુજબ ઉકત ચુકવણી કરવામાં આવે છે. જયારે સુસંગત ન હોય તેવા કિસ્સામાં નોમીનેશન હોવા છતાં નિયમાનુસાર તે આપોઆપ રદ થતુ હોય છે. આવા કિસ્સામાં પેન્શનર/ ફેમીલી પેન્શનરના વ્યકતિગત કિસ્સા સિવાય, સામાન્ય કેસમાં નકકી કરી શકાય નહી. કોઈ ચોકકસ વ્યકિતના કિસ્સામાં આવી માહિતી આપી શકાય, તે સિવાય સામાન્ય કેસમાં આવી માહીતી લાગત વ્યકિતની અંગત માહિતી ગણી, આવી માહિતીને જાહેર કરવામાં વ્યાપક જાહેર હિત રહેલુ નથી તેવો જાહેર માહિતી અધિકારીને સંતોષ વ્યકત થયો હોય, તેથી તે મુજબ માહિતી નકારેલ છે, જે યોગ્ય જણાય છે.

ઉપરોકત હકીકતથી વિદિત થઈ અરજદાર શ્રી વિઠ્ઠલભાઈ ઈશ્વરભાઈ સોલંકીની તા.૧૯/૧૧/૧૨ની અરજી આઈ.ડી.નં.૫૮૯થી માંગેલ માહિતી અંગે સેકશન ઓફીસર (પી) અને જાહેર માહિતી અધિકારીને આવી માહિતીને કોઈ ચોકકસ વ્યકિતના કિસ્સા સિવાય સામાન્ય કેસમાં લાગત વ્યકિતની અંગત માહિતીને જાહેર કરવામાં વ્યાપક જાહેર હિત રહેલુ હોય એવો સંતોષ વ્યકત ન થયો હોવાથી આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ નકારેલ છે. જે યોગ્ય જણાતુ હોય, અપીલ અરજી અંગે વિશેષ કઈ કરવાનુ રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી વિઠ્ઠલભાઈ ઈશ્વરભાઈ સોલંકીની તા.૧૯/૧૧/૧૨ની અરજી આઈ.ડી.નં.૫૮૯થી માંગેલ માહિતી અંગે સેકશન ઓફીસર (પી) અને જાહેર માહિતી અધિકારીને આવી માહિતીને કોઈ ચોકકસ વ્યકિતના કિસ્સા સિવાય સામાન્ય કેસમાં લાગત વ્યકિતની અંગત માહિતીને જાહેર કરવામાં વ્યાપક જાહેર હિત રહેલુ હોય એવો સંતોષ વ્યકત ન થયો હોવાથી આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ નકારેલ છે. જે યોગ્ય જણાતુ હોય, અપીલ અરજી અંગે વિશેષ કઈ કરવાનુ રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૪૪૫૫
તા.૩૧/૧/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના :** શ્રી વિઠ્ઠલભાઈ ઈશ્વરભાઈ સોલંકી, પ્રતિ........જાણ માટે.

| | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |
|---|---|---|---|

**અપીલ અરજી નં.૨૯/૧૨–૧૩**

**અરજદાર :** નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૩/૧૧/૧૨ની અરજી આઈ.ડી.નં.૧૫૨૪ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૯/૧/૧૩ની અપીલ અરજી નં. No.SMC/GAD/ FAP/29/12-13.

અરજદારશ્રી નરેશભાઈ નાનજી બથવારે તા.૩/૧૧/૧૨ની અરજીથી આઈ.ડી.નં.૧૫૨૪ થી કુલ–૪ મુદ્દાઓની માહિતી માંગેલી. જે સેન્ટ્રલ ઝોનથી હાઈડ્રોલીક વિભાગ અને મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૫/૧૧/૧૨ના પત્ર નં.૨૨૦૨થી તબદીલ થયેલ છે. તે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૬/૧૧/૧૨ના રોજ પ્રાપ્ત થયેલ છે. સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી (મહેકમ)એ તા.૨૨/૧૧/૧૨ના પત્ર નં.જીએડી/ઇએસટી/૩૬૩૭ થી મુદ્દા નં.૧ ની હાઈડ્રોલીક વિભાગના વડાશ્રી નરેશ પારેખના શૈક્ષણિક લાયકાતની માર્કસીટ તેમજ મિલ્કત સબંધેની માહિતી તથા મુદ્દા નં.૨ ની માહિતીમાં કર્મચારી શ્રી દિપક એન.સોપારીવાલા અને કેતન વી.ઉપાધ્યાયની મિલ્કત સંદર્ભેની માહિતી હાલમાં સુપ્રિમ કોર્ટના સ્પે.સીવી પીટીશન સીવીલ નં.૨૭૭૩૪/૧૨ના ચુકાદા મુજબ અરજદાર ધ્વારા ત્રાહિતને લગતી માંગવામાં આવેલ માહિતી આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ની કલમ ૮(૧)(ઠ) હેઠળની કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ છે. તે જોગવાઈઓ મુજબ સદર માહિતી પુરી પાડવામાં આવેલ નથી અને સદર ચુકાદાની નકલ અવલોકનાર્થે અરજદારશ્રીને પુરી પાડેલ છે.

ઉપરોકત હકીકત જોતા અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૩/૧૧/૧૨ની મુળ અરજી આઈ.ડી.નં.૧૫૨૪થી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અને ૨ ની મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત માહિતી નામ. સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ સ્પે. સીવીલ નં.૨૭૭૩૪/૧૨ને ધ્યાને રાખી તેની જોગવાઈ મુજબ સદર માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) હેઠળની ગણી સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી, મધ્યસ્થ મહેકમ વિભાગે તા.૨૨/૧૧/૧૨ના પત્ર નં.જીએડી/ઇએસટી/૩૬૩૭ થી નકારેલ છે. વધુમાં નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદાની નકલ અરજદારને અવલોકનાર્થે પુરી પડાયેલ છે. તે ઉચિત જણાતુ હોય, અપીલ અરજી અંગે વિશેષ કઈ કરવાનુ રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૩/૧૧/૧૨ની મુળ અરજી આઈ.ડી.નં.૧૫૨૪થી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અને ૨ ની મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત માહિતી નામ. સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ સ્પે. સીવીલ નં.૨૭૭૩૪/૧૨ને ધ્યાને રાખી તેની જોગવાઈ મુજબ સદર માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) હેઠળની ગણી સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારી, મધ્યસ્થ મહેકમ વિભાગે તા.૨૨/૧૧/૧૨ના પત્ર નં.જીએડી/ઇએસટી/૩૬૩૭ થી નકારેલ છે. વધુમાં નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદાની નકલ અરજદારને અવલોકનાર્થે પુરી પડાયેલ છે. તે ઉચિત જણાતુ હોય, અપીલ અરજી અંગે વિશેષ કઈ કરવાનુ રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૪૫૨૨
તા.૦૪/૦૨/૨૦૧૩

(બી.આઈ.દેસાઈ)
પર્સોનલ ઓફિસર (મહેકમ)
અને અપીલ અધિકારી ,
સુરત મહાનગરપાલિકા.

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના :** નરેશભાઈ નાનજીભાઈ બથવાર,પ્રતિ..........જાણ માટે.

## અપીલ અરજી નં.૩૦/૧૨–૧૩

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારીશ્રી.

### ફરીયાદની હકીકત :–

**વિષય:–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૦૭/૧૨/૧૨ની અરજી આઈ.ડી. નં.૧૬૪૦ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૧૭/૦૧/૧૩ની અપીલ અરજી નં. No.SMC/GAD/ FAP/30/12-13.

અરજદારશ્રી નરેશ નાનજીભાઈ બથવારે તા.૦૭/૧૨/૧૨ની અરજી આઈ.ડી.નં. ૧૬૪૦ થી કુલ –૫ મુદ્દાઓથી માહિતી માંગેલી જે સેન્ટ્રલ ઝોનથી તા.૧૫/૧૨/૧૨ ના પત્ર નં.૨૫૨૮થી મધ્યસ્થ મહેકમ અને વર્કશોપ/ઓટો પ્રતિ તબદીલ થયેલ છે તે મધ્યસ્થ મહેકમના તા.૧૫/૧૨/૧૨ના રોજ મળેલ છે. સદર અરજીની માહિતી તમામ ઝોન તેમજ જુદા જુદા વિભાગોને લાગત જણાતા સેકશન ઓફિસરશ્રી(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૨/૧૨/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૯૧૨ થી તે વિભાગો/ઝોન પ્રતિ તબદીલ કરેલ છે. જયારે મધ્યસ્થ મહેકમ વિભાગની માહિતી માટે મુદ્દા નં.૧ અંગે જુદા જુદા નામથી ઉપસ્થિત કરવામાં આવેલ જગ્યાઓનુ ફેરનામાભિધાન કરી "ડ્રાઈવર" કરવામાં આવેલ મંજુરીના ઠરાવના લાગત પાનાઓની નકલ, મુદ્દા નં.૩ અંગે રેકર્ડ ઉપર ડ્રાઈવરનું નામ ઝોન વિભાગ અને કર્મચારી નંબરની માહિતી, મુદ્દા નં.૪ અંગે ડ્રાઈવરોની ભરતી સમયે કરેલ અરજી પત્રકનો ઉપલબ્ધ રેકર્ડ તેમજ મુદ્દા નં.૫ અંગે એપ્રિલ–૨૦૦૯થી ૩૦ માર્ચ ૨૦૧૨ સુધીમાં નિવૃત્ત થયેલ ડ્રાઈવરોની તારીખ સહિતની યાદી, આ તમામ માહિતી માટે મધ્યસ્થ મહેકમના ઉપલબ્ધ રેકર્ડની રૂબરૂ ચકાસણી કરી, ત્યારબાદ તેઓને જરૂરીયાત મુજબની ખપપુરતી નકલો વિનામૂલ્યે પુરી પાડવાનુ ઉચિત જણાતા તેમજ અરજદાર બી.પી.એલ.હોવાથી તેમને જરૂરીયાત મુજબની માહિતી જ મળી રહે તે હેતુથી સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીશ્રી એ તા.૦૫/૦૧/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૦૫ થી અરજદારને તેમની અરજી અંગે મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત આંશિક માહિતી માટે તા.૧૧/૦૧/૧૩ના રોજ બપોરે ૪.૦૦ થી ૫.૦૦ કલાક દરમ્યાન રૂબરૂ ચકાસણી કરવા માટે હાજર રહેવાની જાણ કરેલી છે.

અરજદારશ્રી નરેશ નાનજીભાઈ બથવારની તા.૦૭/૧૨/૧૨ની અરજી આઈ.ડી.નં.૧૬૪૦થી માંગેલી માહિતી પૈકી મધ્યસ્થ મહેકમને લાગત આંશિક માહિતી વિપુલ પ્રમાણમાં છે. વધુમાં આ જ પ્રકારની માહિતી અરજદારને અનેકવાર પુરી પાડવામાં આવેલ છે તેમછતાં વારંવાર સરખા પ્રકારની માહિતી માંગે છે. અરજદાર બી.પી.એલ. હોવાથી તેને સદર માહિતી વિનામૂલ્યે આપવાની રહેતી હોય, સુરત મહાનગરપાલિકાને પણ આર્થિક ભારણ ઓછુ રહે તેવા આશયથી અરજદારને તેમની જરૂરીયાત મુજબની જ નકલો આપવાના હેતુથી રૂબરૂ ચકાસણી માટે બોલાવી ત્યાર બાદ જ જરૂરીયાત મુજબની ખપ પુરતી નકલો આપવાનો સેકશન ઓફિસર(મહેકમ)અને જાહેર માહિતી અધિધકારીનો નિર્ણય યોગ્ય અને વ્યાજબી જણાતો હોય, અરજદારની " માહિતી આપવા માટેની છટકબારી " જેવી આક્ષેપાત્મક રજુઆત બિલકુલ અયોગ્ય અને પાયા વિહોણી જણાતી હોય, અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરતા, અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે. અરજદાર ઈચ્છુક હોય તો સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીશ્રીના તા.૦૫/૦૧/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૦૫ મુજબ દિન–૧૫ માં આગોતરો સમય મેળવી ઉપલબ્ધ રેકર્ડની રૂબરૂ ચકાસણી કરી જરૂરીયાત મુજબની ખપ પુરતી નકલો મેળવી શકે છે.

| | | | | |
|---|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ<br>ટેલીફોન નંબર | : 91-0261-2422110<br>: 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |



**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશ નાનજીભાઈ બથવારની તા.૦૭/૧૨/૧૨ની અરજી આઈ.ડી.નં.૧૬૪૦થી માંગેલી માહિતી પૈકી મધ્યસ્થ મહેકમને લાગત આંશિક માહિતી વિપુલ પ્રમાણમાં છે. વધુમાં આ જ પ્રકારની માહિતી અરજદારને અનેકવાર પુરી પાડવામાં આવેલ છે તેમછતાં વારંવાર સરખા પ્રકારની માહિતી માંગે છે. અરજદાર બી.પી.એલ. હોવાથી તેને સદર માહિતી વિનામૂલ્યે આપવાની રહેતી હોય, સુરત મહાનગરપાલિકાને પણ આર્થિક ભારણ ઓછુ રહે તેવા આશયથી અરજદારને તેમની જરૂરીયાત મુજબની જ નકલો આપવાના હેતુથી રૂબરૂ ચકાસણી માટે બોલાવી ત્યાર બાદ જ જરૂરીયાત મુજબની ખપ પુરતી નકલો આપવાનો સેકશન ઓફિસર(મહેકમ)અને જાહેર માહિતી અધિધકારીનો નિર્ણય યોગ્ય અને વ્યાજબી જણાતો હોય, અરજદારની " માહિતી આપવા માટેની છટકબારી " જેવી આક્ષેપાત્મક રજુઆત બિલકુલ અયોગ્ય અને પાયા વિહોણી જણાતી હોય, અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરતા, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીશ્રીના તા.૦૫/૦૧/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૦૫ મુજબ દિન–૧૫ માં આગોતરો સમય મેળવી ઉપલબ્ધ રેકર્ડની રૂબરૂ ચકાસણી કરી જરૂરીયાત મુજબની ખપ પુરતી નકલો મેળવી શકે છે.

નં.જીએડી/ઇએસટી/૪૬૬૮
તા.૧૫–૧૬/૦૨/૨૦૧૩

(બી.આઈ.દેસાઈ)
પર્સોનલ ઓફિસર (મહેકમ)
અને અપીલ અધિકારી ,
સુરત મહાનગરપાલિકા.

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,પ્રતિ.......જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૩૧/૧૨–૧૩**

**અરજદાર :** અશોક એસ.ચૌહાણ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી અશોક એસ.ચૌહાણની તા.૧૫/૧૦/૧૨ની અરજી આઈ.ડી.નં.૨૧૮ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૪/૦૨/૧૩ની અપીલ અરજી નં. No.SMC/GAD/ FAP/31/12-13.

અરજદારશ્રી અશોકભાઈ શંકરલાલ ચૌહાણએ તા.૧૫/૧૦/૧૨ની અરજી આઈ.ડી.નં.૨૧૮થી , (૧) હેડ કલાર્ક સંવર્ગ તેમજ(૨) સીનીયર કલાર્ક સંવર્ગના પાંચમા તથા છઠ્ઠા પગારપંચ મુજબ પગારધોરણની માહિતી તેમજ તે સંવર્ગના કર્મચારીઓને ચુકવવામાં આવતા અન્ય તમામ ભથ્થાઓની માહિતી તથા તે માટેના ઠરાવો, હુકમો પરિપત્રોની નકલો માંગેલી, જે અરજી મધ્યસ્થ કચેરી મારફત મહેકમવિભાગને તા.૧૯/૧૦/૧૨ના રોજ પ્રાપ્ત થયેલી છે. સદરહુ માહિતી તૈયાર કરી નિયમાનુસારની તેની નકલ ફી રૂા.૨૦/– ભરવા માટે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીશ્રીએ તા.૦૭/૧૧/૧૨ના પત્ર નં.જીએડી/ઇએસટી/૩૫૬૩થી અરજદારને આર.પી.એ.ડી.થી જાણ કરેલ છે. જે આર.પી. એ.ડી.અરજદારે સ્વીકારેલ છે અને તેની પહોંચ મધ્યસ્થ મહેકમ વિભાગને પરત મળેલ છે. પરંતુ અરજદારે જણાવ્યા મુજબની નકલ ફી રૂા.૨૦/– ભરપાઈ કરેલ નથી. તે ભર્યાની જાણ મધ્યસ્થ મહેકમ વિભાગને થયેલ નથી. આમ નકલ ફી ભરવાની અરજદારને જાણ થયેલ હોવાછતા નકલ ફી ભરેલ નથી અને જવાબની રાહ જોવામાં વિલંબ થયો હોવાનું જણાવી અપીલ કરેલ છે. તે ઓર્થોરીટીને ગુમરાહ કરવા બરાબરનું જણાય છે.

અરજદારશ્રી અશોકભાઈ શંકરલાલ ચૌહાણની તા.૧૫/૧૦/૧૨ની અરજી આઈ.ડી.નં.૨૧૮ થી માંગેલ માહિતી સંદર્ભે સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીશ્રીની તા.૦૭/૧૧/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/ ૩૫૬૩થી રૂા.૨૦/– નકલ ફી પેટે ભરવાની જાણ કરેલ છે અને તેની જાણ અરજદારને થયેલ હોવાછતા નકલ ફી ભરેલ નથી અને જવાબની રાહ જોવામાં અપીલ કરવામાં વિલંબ થયેલ હોવાનું જણાવી અપીલ કરેલ છે. તે જોતા જાહેરમાહિતી અધિકારીએ જણાવ્યા મુજબની ફી દિન–૧૫માં ભરી માહિતી મેળવી લેવા અરજદારને જણાવવાજોગ છે અપીલ અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવાજોગ છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી અશોકભાઈ શંકરલાલ ચૌહાણની તા.૧૫/૧૦/૧૨ની અરજી આઈ.ડી.નં.૨૧૮ થી માંગેલ માહિતી સંદર્ભે સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીશ્રીની તા.૦૭/૧૧/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/ ૩૫૬૩થી રૂા.૨૦/– નકલ ફી પેટે ભરવાની જાણ કરેલ છે અને તેની જાણ અરજદારને થયેલ હોવાછતા નકલ ફી ભરેલ નથી અને જવાબની રાહ જોવામાં અપીલ કરવામાં વિલંબ થયેલ હોવાનું જણાવી અપીલ કરેલ છે. તે જોતા જાહેરમાહિતી અધિકારીએ જણાવ્યા મુજબની ફી દિન–૧૫માં ભરી માહિતી મેળવી લેવા અરજદાર સ્વતંત્ર છે અપીલ અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૪૬૪૨
તા.૧૪/૦૨/૨૦૧૩

(બી.આઈ.દેસાઈ)
પર્સોનલ ઓફિસર (મહેકમ)
અને અપીલ અધિકારી ,
સુરત મહાનગરપાલિકા.

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી અશોક એસ.ચૌહાણ, પ્રતિ..........જાણ માટે.

| | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |
|---|---|---|---|

**અપીલ અરજી નં.૩૨/૧૨–૧૩**

**અરજદાર :** શ્રી દેવદત્ત વી.મોગેરા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી દેવદત્ત વી.મોગેરાની તા.૦૪/૧૨/૧૨ની અરજી આઈ.ડી.નં.૧૬૨૬ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૩૧/૦૧/૧૩ની અપીલ અરજી નં. No.SMC/GAD/ FAP/32/12-13.

અરજદારશ્રી દેવદત્ત વી.મોગેરાએ તા.૦૪/૧૨/૧૨ની મુળ અરજી આઈ.ડી.નં. ૧૬૨૬ થી સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતી અધિકારી પાસેથી કુલ ૬ મુદ્દાઓથી માહિતી માંગેલી તેમણે નિયમાનુસારની ફી રૂા.૨૦/– તા.૦૪/૧૨/૧૨ની રસીદ નં.૪૫૧૭૩૯થી ભરેલી છે. સેન્ટ્રલ ઝોન તરફથી આ અરજી મધ્યસ્થ મહેકમ અને રીક્રુટમેન્ટ વિભાગને તા.૧૪/૧૨/૧૨ના પત્ર નં.૨૫૦૫થી તબદીલ કરવામાં આવેલી જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૧૪/૧૨/૧૨ના રોજ પ્રાપ્ત થયેલી છે. અરજી સંદર્ભે જરૂરી કાર્યવાહી કરી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મહેકમ)એ જરૂરી નકલ ફી રૂા.૫૪/– ભરવા માટે તા.૦૧/૦૧/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૦૩૫થી અરજદારને જાણ કરેલી જે અરજદારે તા.૧૧/૦૧/૧૩ની રસીદ નં.૭૬૫થી ભરપાઈ કરેલી છે. ફી ભરપાઈ કરવાની જાણ તા.૧૫/૦૧/૧૩ના રોજ થતા સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૭/૦૧/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૨૮૧થી અરજદારને માહિતી પુરી પાડેલ છે.

ઉપર મુજબ પુરી પાડેલ માહિતી પૈકી મુદ્દા નં.૬ " કુલ કર્મચારીઓ પૈકી જે કર્મચારીઓ હંગામી છે તે હંગામી કર્મચારીઓ પૈકી કેટલા કર્મચારીઓ કાયમી થવા પાત્ર થઈ ગયેલ છે તેની વિગત અને તે કર્મચારીઓ કાયમી થવા પાત્ર હોય તો કાયમી નહી કરેલ હોવાનુ શુ કારણ છે. તેમજ હવે કાયમી કરવામાં આવનાર હોય તો કેટલા સમયમાં કાયમી કરવામાં આવનાર છે. તેની વિગતવાર માહિતીના સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ સ્પષ્ટ આંકડાકીય માહિતી આપવાને બદલે હંગામી કર્મચારીઓને કાયમી કરવાની પધ્ધતિ વર્ણવેલી છે અને માંગેલ માહિતી મળેલ નથી. જેથી આ મુદ્દાઓની માહિતી અપાવવા અપીલ કરેલ છે.

સદર બાબતે જણાવવાનું કે, અપીલ અંગે અરજદારને અપીલ અધિકારી સમક્ષ તા.૧૮/૦૨/૧૩ના રોજ રૂબરૂ સુનાવણી માટે બોલાવવામાં આવેલ તે દરમ્યાન જે કર્મચારીઓ કારણસર/સંજોગાવસાત કાયમી થવાના રહી ગયેલ છે. તેવા કર્મચારીઓની કાયમી કરવાની કાર્યવાહી શરૂ થઈ ગયેલ છે. તે અંગેની વિસ્તૃત સમજણ અરજદારને રૂબરૂમાં આપવામાં આવી હતી તેનાથી અરજદારે સંતોષ વ્યકત કરી અપીલ દફતરે કરવા જણાવેલ છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી દેવદત્ત વી.મોગેરાની તા.૦૪/૧૨/૧૨ની મુળ અરજી આઈ.ડી. નં.૧૬૨૬ અનુસંધાને સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૭/૦૧/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૪૨૮૧ થી પુરી પાડેલ માહિતી પૈકી મુદ્દા નં.૬ની માહિતી દરમ્યાન જે કર્મચારીઓ કારણોસર/સંજોગાવસાત કાયમી થવાના રહી ગયેલ છે તેવા કર્મચારીઓને કાયમી કરવાની કાર્યવાહી શરૂ થઈ ગયેલ છે તે અંગે એપેલેટ અધિકારી ધ્વારા વિસ્તૃત છાણાવટ કરી અરજદારને રૂબરૂ સમજણ આપવામાં આવેલ છે. તેનાથી અરજદાર સંતોષ વ્યકત કરી અપીલ અરજી દફતરે કરવા જણાવેલ હોય, અપીલ અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૪૯૧૬
તા.૨૮/૦૨/૨૦૧૩

(બી.આઈ.દેસાઈ)
પર્સોનલ ઓફિસર (મહેકમ)
અને અપીલ અધિકારી ,
સુરત મહાનગરપાલિકા.

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના :** શ્રી દેવદત્ત વી.મોગેરા, પ્રતિ...........જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૩૩/૧૨–૧૩**

**અરજદાર :** નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૦૩/૧૧/૧૨ની અરજી આઈ.ડી.નં.૧૫૨૨ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૬/૦૨/૧૩ની અપીલ અરજી નં. No.SMC/GAD/ FAP/33/12-13.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૦૩/૧૧/૧૨ની અરજી આઈ.ડી. નં.૧૫૨૨ થી કુલ ત્રણ મુદ્દાઓની માહિતી માંગેલી જે સેન્ટ્રલ ઝોનથી રીક્રુટમેન્ટ વિભાગને તા.૦૫/૧૧/૧૨ના પત્ર નં.૨૨૦૦ થી તબદીલ થયેલ. રીક્રુટમેન્ટ વિભાગ તરફથી આંશિક માહિતી માટે તા.૦૮/૧૧/૧૨ના પત્ર નં.૭૩૬ થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ થયેલી છે. મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીએ તા.૩૦/૧૧/૧૨ના પત્ર નં.જીએડી/ ઈએસટી/૩૬૯૬થી આંશિક માહિતી પેટે મુદ્દા નં.૧ થી ૫૭ ડ્રાઈવરોની ભરતી અંગેની તા.૧૪/૦૯/૧૨ની જાહેરાત નં.પી.આર.ઓ./૪૧૮/૨૦૧૨–૧૩ બાબતે તથા મુદ્દા નં.૩ થી ડ્રાઈવરોની અગાઉની ભરતી અંગે ૧ થી ૧૧ સામે પોલીસ ફરીયાદ થયેલ હોવાછતાં આ ૫૭ ડ્રાયવરોની જાહેરાત આપવા બાબતે " આગામી વર્ષમાં ડ્રાઈવરની સંભવિત ખાલી પડનાર જગ્યાઓ ધ્યાને રાખી પ્રતિક્ષાયાદી બનાવવાના હેતુસર જાહેરાત આપવામાં આવેલ છે. " જયારે મુદ્દા નં.૨ થી અગાઉની ડ્રાઈવરોની ભરતીમાંથી જ બાકી રહેલા ઉમેદવારો માંથી પસંદ ન કરવા અને ફરીથી જાહેરાત આપવાની તથા ડ્રાઈવરની લાયકાત અંગેની માહિતી બાબતે " પ્રતિક્ષાયાદીની મુદ્દત બે વર્ષ રહે છે અને ડ્રાઈવરની લાયકાત અંગે સા.સ.ઠ.નં.૩૧૪/૨૦૦૯થી કરેલ જુદી જુદી જગ્યાઓના ફેરનામાભિધાનની નકલ" અરજદારને પુરી પાડેલ છે. અરજદારે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી પુરી પાડેલ માહિતીથી નારાજ થયાનો કોઈ ઉલ્લેખ અપીલ અરજીમાં કરેલ નથી. તે જોતા અરજદાર મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી પુરી પડાયેલ માહિતીથી સંતુષ્ટ છે. નારાજ થયેલ હોવાનુ જણાતુ નથી.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૦૩/૧૧/૧૨ની અરજી આઈ.ડી.નં.૧૫૨૨ થી માંગેલ માહિતી સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત આંશિક માહિતી સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૩૦/૧૧/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૬૯૬ થી પુરી પાડેલી છે અરજદારે સદરહુ નિર્ણયથી નારાજ થયેલ હોવાનો કોઈ ઉલ્લેખ અપીલ અરજીમાં કરેલ નથી. તે જોતા પુરી પડાયેલ માહિતીથી અરજદાર સંતુષ્ટ હોવાનુ જણાતુ હોય, અપીલ અંગે વિશેષ કંઈ કરવાનુ જણાતુ ન હોય દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૦૩/૧૧/૧૨ની અરજી આઈ.ડી.નં.૧૫૨૨ થી માંગેલ માહિતી સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત આંશિક માહિતી સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૩૦/૧૧/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૬૯૬ થી પુરી પાડેલી છે અરજદારે સદરહુ નિર્ણયથી નારાજ થયેલ હોવાનો કોઈ ઉલ્લેખ અપીલ અરજીમાં કરેલ નથી. તે જોતા પુરી પડાયેલ માહિતીથી અરજદાર સંતુષ્ટ હોવાનુ જણાતુ હોય, અપીલ અંગે વિશેષ કંઈ ન કરતા તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૪૭૧૦
તા.૧૮/૦૨/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના :** નરેશભાઈ નાનજીભાઈ બથવાર,પ્રતિ.........જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૩૫/૧૨–૧૩**

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૪/૦૧/૧૩ની અરજી આઈ.ડી.નં.૧૯૫૩ના સંદર્ભે કરેલ અપીલ બાબત.
**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૫/૦૨/૧૩ની અપીલ અરજી નં. No.SMC/GAD/ FAP/35/12-13.

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૨૪/૦૧/૧૩ની અરજી આઈ.ડી.નં.૧૯૫૩થી પર્સોનેલ ઓફિસરશ્રી(આર) પાસે કુલ–૮ મુદ્દાઓથી માહિતી માંગેલી જે સેન્ટ્રલ ઝોનના તા.૩૦/૦૧/૧૩ના પત્ર નં.૨૯૩૮ થી મધ્યસ્થ મહેકમ વિભાગ અને રીક્રુટમેન્ટ વિભાગના જાહેર માહિતી અધિકારી પ્રતિ તબદીલ થયેલ છે. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૩૧/૦૧/૧૩ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજી સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત એવી મુદ્દા નં.૧ થી, સા.સ.ઠ.નં.૫૮૯/૧૨ તા.૩૦/૦૪/૧૨ માર્સલની ખાલી જગ્યાની સંખ્યા ૧૫૭ અનુસંધાને માહીતી સંદર્ભે સેકશન ઓફિસર મહેકમ અને જાહેર માહિતી અધિકારી તા.૧૧/૦૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૫૯૬ થી માહિતી પુરી પાડેલી છે. જેમા જણાવ્યા મુજબ સદર ઠરાવની નકલ અગાઉની અરજી આઈ.ડી.નં.૧૨૩૦ તા.૦૪/૧૦/૧૨ના અનુસંધાને મધ્યસ્થ મહેકમ વિભાગના તા.૨૫/૧૦/૧૨ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૪૫૧ થી વિનામુલ્યે અરજદારને પુરી પાડવામાં આવેલ છે. માર્શલની ૧૫૭ જગ્યા માટેની પ્રતિક્ષાયાદી બનાવવાના હેતુસર અરજીઓ મંગાવવા માટે વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરેલ જાહેરાત નં.પી.આર.ઓ./૯૭/ ૧૨–૧૩ની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરેલ જાહેરાતની નકલ અરજદારને પુરી પાડેલ છે અને આ નિર્ણયથી નારાજ હોય તો દિન–૩૦માં એપેલેટ ઓફિસરને અપીલ કરવાનુ સુચિત કરવામાં આવેલ છે.

ઉકત પુરી પાડવામાં આવેલ માહિતીથી નારાજ થઈ અરજદારે તા.૧૫/૦૨/૧૩ની અપીલ થી સેકશન ઓફિસર(મહેકમ)અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૧/૦૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૫૯૬થી ન માંગેલ માહિતી આપી છટકબારી કરેલ છે.વેબસાઈટ ઉપર નહી પરંતુ નકલના સ્વરૂપમાં માહિતી પુરી પાડવાની રજુઆત કરેલ છે. સદર બાબતે સેકશન ઓફિસર(મહેકમ)અને જાહેર માહિતી અધિકારીએ પુર્તતા રીપોર્ટમાં જણાવ્યા મુજબ તા.૧૧/૦૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/ ૪૫૯૬ થી અરજદારને વેબસાઈટ ઉપર માહિતી જોવાનુ જણાવેલ નથી. પરંતુ માર્શલની ખાલીજગ્યા માટે વર્તમાનપત્રમાં આપવામાં આવેલ જાહેરાતની વિગતવાર માહિતી વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ તે જાહેરાતની નકલ પુરી પાડવામાં આવેલ છે. સદર પત્ર ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારીની પુર્તતા યોગ્ય જણાય છે. પરંતુ અરજદાર , સમજફેરના કારણે નારાજ થયા હોવાનુ જણાય છે.

ઉપરોક્ત બાબત ધ્યાને લેતા અરજદારની તા.૨૪/૦૧/૧૩ની અરજી આઈ.ડી.નં.૧૯૫૩થી માંગેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત " સા.સ.ઠ.નં. ૫૮૯/૧૨ તા.૩૦/૦૪/૧૨ માર્શલની ખાલીજગ્યાની સંખ્યા " અનુસંધાને સેકશન ઓફિસર(મહેકમ)અને જાહેરમાહિતી અધિકારીએ તા.૧૧/૦૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૫૯૬થી માર્શલની ખાલીજગ્યા માટેની વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરેલ જાહેરાત નં.પી.આર.ઓ./૯૭/ ૨૦૧૨–૧૩ની વિગતવાર માહિતી વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે. જેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ નકલ અરજદારને વિનામુલ્યે પુરી પાડેલ છે અને સા.સ.ઠ.નં.૫૮૯/૧૨ તા.૩૦/૦૪/૧૨ ની નકલ અરજદારની અગાઉની તા.૦૪/૧૦/૧૨ની અરજી આઈ.ડી. નં.૧૨૩૦ સંદર્ભે પુરી પાડેલ હોવાનુ જણાવેલ છે. તે જોતા " ન માંગેલ માહિતી આપી છટકબારી કરી છે. તેમજ વેબસાઈટ ઉપર નહી પરંતુ નકલના સ્વરૂપમાં માહિતી પુરી પાડવાની " અરજદારની રજુઆત અંગે વિશેષ કંઈ ન કરતા તે દફતરે કરવાજોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૪/૦૧/૧૩ની અરજી આઈ.ડી.નં.૧૯૫૩થી માંગેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત "સા.સ.ઠ.નં. ૫૮૯/૧૨ તા.૩૦/૦૪/૧૨ માર્શલની ખાલીજગ્યાની સંખ્યા" અનુસંધાને સેકશન ઓફિસર(મહેકમ)અને જાહેરમાહિતી અધિકારીએ તા.૧૧/૦૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૫૯૬થી માર્શલની ખાલીજગ્યા માટેની વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરેલ જાહેરાત નં.પી.આર. ઓ./૯૭/ ૨૦૧૨–૧૩ની વિગતવાર માહિતી વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે. તેની નકલ અરજદારને પુરી પાડેલ છે અને સા.સ.ઠ.નં.૫૮૯/૧૨ તા.૩૦/૦૪/૧૨ ની નકલ અરજદારની અગાઉની તા.૦૪/૧૦/૧૨ની અરજી આઈ.ડી. નં.૧૨૩૦ સંદર્ભે પુરી પાડેલ હોવાનુ જણાવેલ છે. તે જોતા ન માંગેલ માહિતી આપી છટકબારી કરી છે. તેમજ વેબસાઈટ ઉપર નહી પરંતુ નકલના સ્વરૂપમાં માહિતી પુરી પાડવાની રજુઆતના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તેઓને વેબસાઈટ પર માહિતી જોવાનુ જણાવેલ નથી, પરંતુ માર્શલની ખાલી જગ્યા માટેની વિગતવાર માહિતીવાળી જાહેરાત વેબસાઈટ પર મુકવામાં આવેલ, જે જાહેરાતની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ નકલ વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ છે. આમ, અરજદારને રેકર્ડ ઉપર ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પુરી પડાયેલ હોય, અપીલ અંગે વિશેષ કંઈ ન કરતા તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૪૯૭૨
તા.૦૪/૦૩/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** નરેશભાઈ નાનજીભાઈ બથવાર, પ્રતિ...........જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |


## અપીલ અરજી નં.૩૬/૧૨–૧૩

**અરજદાર :** શ્રી સંજય અશોક રાણે
**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીક્ત :–**

**વિષયઃ–** અરજદારશ્રી સંજય અશોક રાણેની તા.૧૦/૧૨/૧૨ની અરજી આઈ.ડી.નં.૨૪૦ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૧/૦૨/૧૩ની અપીલ અરજી નં. No.SMC/GAD/ FAP/36/12-13.

અરજદાર શ્રી સંજય અશોક રાણેએ તા.૧૦/૧૨/૧૨ની અરજી આઈ.ડી.નં.૨૪૦ થી "સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા સુપરવાઈઝર સીવીલ/મેઈન્ટેનન્સ આસી.(ઈલે.)અને આસી.ઈજનેર/ જુની.ઈજનેર(ઈલે./સીવીલ)કક્ષાના ઈજનેરોને એક ખાતામાંથી પગાર લઈ બીજા ખાતામાં ફરજ બજાવવા માટે હુકમ કરવામાં આવે છે અને બીજા ખાતામાં જગ્યા ઉપસ્થિત કરી ભરતી કર્યા બાદ /ખાલી જગ્યા ઉપર ભરતી કર્યા બાદ જે તે ઈજનેરોને પુર્વવત નિયમીત કરવામાં આવે છે. પરંતુ બીજા ખાતામાં આવી જગ્યા ઉપસ્થિત કરી અથવા ખાલી જગ્યા ભરવામાં આવ્યા બાદ પણ આ પ્રકારના ઈજનેરોને નિયમીત કરવામાં આવ્યા ન હોય તેવા ઈજનેરોના નામ,હોદ્દા , કર્મચારી નંબર, પ્રથમ ખાતુ, બીજા ખાતાની માહિતી, નિયમીત ન કરવાના કારણો તેમજ કેટલા સમયમા નિયમીત કરવામાં આવશે" તે જણાવવા વિનંતી કરેલ તે સંદર્ભે સેકશન ઓફિસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારીએ તેમને લાગત માહિતી તૈયાર કરી તે માટેની જરૂરી નકલ ફી ભરવા માટે તા.૦૮/૦૧/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૬૫ થી અરજદારને જાણ કરેલી છે. અને અરજદારે સદરહુ ફી તા.૨૪/૦૧/૧૩ના રોજ રસીદ નં.૩૩૭૪૮થી ભરેલી છે. ફી ભર્યાની જાણ તા.૨૮/૦૧/૧૩ના રોજ થતા જાહેર માહિતી અધિકારીએ તા.૨૯/૦૧/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૪૨૯ થી અરજદારને માહિતી પુરી પાડેલ છે. જેમા "સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા સુપરવાઈઝર(સીવીલ)/ મેઈન્ટે.આસી. (ઈલે.) અને આસી. ઈજનેર/ જુની.ઈજનેર(ઈલે.) (સીવીલ)કક્ષાના ઈજનેરોને સક્ષમ સત્તાની મંજુરીથી ખાતાની મળેલ રજુઆત ધ્યાને લઈ વહીવટી સરળતા ખાતર મુળ ખાતામાંથી પગાર મેળવી બીજા ખાતામાં ફરજ બજાવવાના હુકમો કરવામાં આવે છે. તેવા કર્મચારીઓનુ લીસ્ટ સામેલ કરેલ છે.તેમજ સદર ઈજનેરોને ખાતાની કામગીરી પુર્ણ થયેથી ખાતાની ભલામણ મુજબ સક્ષમ સત્તાની મંજુરીથી મુળ જગ્યાએ નિયમીત કરવાના હુકમો કરવામાં આવે છે. તે મુજબની માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ છે.

આ માહિતીથી નારાજ થઈ , અરજદારે, ખરેખર એક ખાતામાંથી પગાર મેળવી બીજા ખાતાની જરૂરીયાત/ ખાલી જગ્યા ઉપર ફરજ બજાવવાના હુકમો કરવામાં આવ્યા બાદ બીજા ખાતાની જરૂરીયાત માટે જગ્યા ઉપસ્થિત કરીને /ખાલી જગ્યા અન્ય ઉમેદવારોથી ભરાયા બાદ પણ આવી ફરજ બજાવતા કર્મચારીઓને તેમના મુળ ખાતામાં ફરજ બજાવવા પરત કરી નિયમીત કરવામાં આવતા નથી. તે અંગે આવા કર્મચારીઓની માહિતીની માંગણી કરેલ છે. (અરજદારે દાખલા/દષ્ટાંત આપી વિગત સમજાવેલ છે.) સદરહુ બાબતે જાહેર માહિતી અધિકારી જણાવે છે કે અરજદારની અપીલમાં કરેલ રજુઆત મુજબ એક ખાતામાંથી પગાર મેળવી અન્ય ખાતામાં ઓન લોન ફરજ બજાવતા હોય અને સદરહુ લોનવાળા ખાતામાં જગ્યા ભરતી/બઢતીથી ભરવામાં આવી હોય તેમછતા લોન પર ફરજ બજાવતા કર્મચારીને તેઓના મુળ ખાતામાં પરત મુકવામાં આવેલ ન હોય તે અંગેની એકત્રિત /સંકલિત માહિતી પત્રક સ્વરૂપમાં રેકર્ડ ઉપલબ્ધ નથી. જેથી અરજદારને અપીલ સંદર્ભે નિયમાનુસાર સંબંધિત રેકર્ડની ચકાસણી કરવા તથા તેઓની નકલો નિયત નકલ ફી ભરપાઈ કર્યેથી પુરી પાડવા તા.૨૭/૦૨/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૪૮૮૪ થી તા.૦૫/૦૭/૧૩ના રોજ સાંજે ૪ થી ૫ કલાક દરમ્યાન કચેરીએ હાજર રહી ઈન્સ્પેકશન મેળવવા જણાવેલ છે. પરંતુ અરજદાર આજપર્યંત ઈન્સ્પેકશન માટે હાજર રહયા નથી.

ઉપરોક્ત સઘળી હકીક્ત ધ્યાને લેતા જણાય છે કે, અરજદાર શ્રી સંજય અશોક રાણેની તા.૧૦/૧૨/૧૨ની મુળ અરજી આઈ.ડી.નં.૨૪૦ સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૯/૦૧/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૪૨૯થી નિયમાનુસાર માહિતી પુરી પાડેલ છે. અરજદારે આ માહિતી માંગણી મુજબની નહી હોવાનુ (દાખલા /દષ્ટાંત)જણાવેલ છે. અપીલમાં જણાવ્યા મુજબની એકત્રિત/સંકલિત માહિતી પત્રક સ્વરૂપમાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ નહી હોવાનુ જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે અને અપીલ તબકકે પણ અરજદારને તા.૨૭/૦૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૮૮૪થી માંગણી અનુસારની માહિતી માટે ખાતાના સંબંધિત રેકર્ડનીની ચકાસણી કરી નિયમાનુસાર માહિતી પુરી પાડવા જાહેર માહિતી અધિકારીએ તત્પરતા દર્શાવેલ છે. જયારે આવા કર્મચારીઓને કેટલા સમયમાં નિયમીત કરવામાં આવશે.તે માહિતી ભવિષ્ય /અભિપ્રાય સ્વરૂપની હોય રેકર્ડ આધારીત નહી હોવાથી પુરી પાડવા અસમર્થતા દર્શાવેલ છે. તે યોગ્ય જણાતુ હોય, અપીલ અંગે વિશેષ કંઈ ન કરતા દફતરે કરવાનુ ઉચિત જણાય છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી સંજય અશોક રાણેની તા.૧૦/૧૨/૧૨ની મુળ અરજી આઈ.ડી.નં.૨૪૦ સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૯/૦૧/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૪૨૯થી નિયમાનુસાર માહિતી પુરી પાડેલ છે. અરજદારે આ માહિતી માંગણી મુજબની નહી હોવાનુ (દાખલા /દષ્ટાંત)જણાવેલ છે. અપીલમાં જણાવ્યા મુજબની એકત્રિત/સંકલિત માહિતી પત્રક સ્વરૂપમાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ નહી હોવાનુ જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે અને અપીલ તબકકે પણ અરજદારને તા.૨૭/૦૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૮૮૪થી માંગણી અનુસારની માહિતી માટે ખાતાના સંબંધિત રેકર્ડનીની ચકાસણી કરી નિયમાનુસાર માહિતી પુરી પાડવા જાહેર માહિતી અધિકારીએ તત્પરતા દર્શાવેલ છે. જયારે આવા કર્મચારીઓને કેટલા સમયમાં નિયમીત કરવામાં આવશે.તે માહિતી ભવિષ્ય /અભિપ્રાય સ્વરૂપની હોય રેકર્ડ આધારીત નહી હોવાથી પુરી પાડવા અસમર્થતા દર્શાવેલ છે. તે યોગ્ય જણાતુ હોય, અપીલ અંગે વિશેષ કંઈ ન કરતા તે દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીના તા.૨૭/૦૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૮૮૪ થી જણાવ્યા મુજબ દિન–૧૫માં આગોતરી મંજુરી મેળવી ખાતાના સંબંધિત રેકર્ડની રૂબરૂ ચકાસણી કરી નિયમાનુસાર માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.જીએડી/ઇએસટી/૫૧૭૫
તા.૧૫/૦૩/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી સંજય અશોક રાણે પ્રતિ........જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**<u>અપીલ અરજી નં.૩૭/૧૨–૧૩</u>**

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
**સામાવાળા :** સેક્શન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષયઃ–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૧/૧૨/૧૨ની અરજી આઈ.ડી.નં.૧૬૯૯ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૫/૦૨/૧૩ની અપીલ અરજી નં. No.SMC/GAD/ FAP/37/12-13.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૨૧/૧૨/૧૨ની અરજી આઈ.ડી.નં.૧૬૯૯થી કુલ – ૫ મુદ્દાઓથી માહિતી માંગેલી, જે સેન્ટ્રલ ઝોન તરફથી વરાછા ઝોન,રીક્રુટમેન્ટ વિભાગ અને મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૪/૧૨/૧૨ના પત્ર નં.૨૬૧૬થી તબદીલ થયેલ છે તે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૪/૧૨/૧૨ના રોજ પ્રાપ્ત થયેલ છે તે મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૧ અને ૨ ની વિગત મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત હોવાથી તે બાબતે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૮/૦૧/૧૩ના પત્ર નં.જીએડી/ ઈએસટી/ ૪૨૯૦ થી માહિતી પુરી પાડેલ છે. અરજદારે મુદ્દા નં.૧ થી " ગોવિંદ ખોડાભાઈ વાઢેળ (કર્મ.નં.૩૪૬૮૬) બેલદારોની ખાલીજગ્યાની કઈ જાહેરાતના અનુસંધાનમાં સુરત મહાનગરપાલિકામાં ડ્રેનેજ વિભાગમાં નિમણુંક થયેલ તે જાહેરાતની નકલ અને મુદ્દા નં.૨ થી મજકુર બેલદારના અરજી પત્રક તથા તેની સાથે જોડેલ ડોકયુમેન્ટની જાહેરાત સાથે બીડાણ કરેલાની નકલો ની માંગણી કરેલી " તે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ " સુરત મહાનગરપાલિકાની ઈન્ટ્રાનેટ વેબસાઈટ પર " શ્રી ગોવિંદભાઈ કે. વાઢેળ (કર્મ.નં.૩૪૬૮૬) ની એમ્પલોઈઝ ડીટેઈલ્સ ચેક કરતા તેઓ હાલમાં સફાઈ કામદાર તરીકે વરાછા ઝોનમાં ફરજ બજાવતા હોવાનું જણાય છે અને તેઓની નિમણુંક તથા કાયમ થયા તા.૦૧/૧૦/૯૭ દર્શાવવામાં આવેલ છે. ઉકત વિગતોના આધારે તેઓની નિમણુંક અંગેનો ક્ચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૨૩૨૧ તા.૧૮/૧૨/૯૭ની નકલ આ સાથે સામેલ છે. જેની વિગતો ધ્યાને લેતા તેઓની નિમણુંક આઈ.ટી.રેફ.નં.૨૯૨/૮૭માં થયેલ સમાધાન અનુસાર શરતોને આધીન કરવામાં આવેલ હોય, તેઓની નિમણુંક જાહેરાતના અનુસંધાનમાં અરજી પત્રકો મંગાવી ભરતી પ્રક્રિયા અનુસાર કરવામાં આવેલ ન હોય માંગવામાં આવેલ અરજી પત્રક તથા ડોકયુમેન્ટની નકલો અત્રેના ખાતાના રેકર્ડ ઉપર હોઈ શકે નહિ જેથી તેની નકલો પુરી પાડી શકાય તેમ નથી " તે મુજબની માહિતી તા.૧૮/૦૧/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૨૯૦ થી પુરી પાડેલ છે. સદરહુ પુરી પાડેલ માહિતી અધુરી અયોગ્ય અને અપારદર્શી હોવાનુ જણાવી નારાજ થઈ અરજદારે સદર અપીલ અરજી કરેલ છે. પરંતુ અરજદારની માંગણી સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ પુરી પાડેલ માહિતી ધ્યાને લેતા તે યોગ્ય અને સ્પષ્ટ માલુમ પડેલ છે અને અરજદારની અપીલથી કરેલ રજુઆત બિન પાયાદાર આધાર વિહોણી જણાય છે.

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૧/૧૨/૧૨ની મુળ અરજી આઈ.ડી.નં.૧૬૯૯ ના મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧ અને ૨ ની માંગણી સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીશ્રીએ તા.૧૮/૦૧/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૨૯૦ થી પુરી પાડેલ માહિતી શ્રી ગોવિંદભાઈ કે.વાઢેળ (કર્મ.નં.૩૪૬૮૬) કોઈ જાહેરાતના સંદર્ભે નિમણુંક પામેલ નથી. પરંતુ આઈ.ટી.રેફ.૨૯૨/૮૭ માં થયેલ સમાધાન અનુસાર શરતોને આધીન નિમણુંક પામેલ હોય, તેમની જાહેરાત સંદર્ભેની અરજી કે અરજી સાથેના ડોકયુમેન્ટ સંભવી શકે નહી. તે સ્વયં સ્પષ્ટ હકીકત છે તેથી માહિતી અધુરી અયોગ્ય કે અપારદર્શી હોવાનુ અરજદારની રજુઆત આધાર વિહોણી જણાય છે. સદર વિગત દર્શાવતા ક્ચેરી હુકમ નં. જીએડી/ઈએસટી/૨૩૨૧ તા.૧૮/૧૨/૯૭ ની નકલ અરજદારને પુરી પાડવામાં આવેલ હોય, અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરતા દફતરે કરવા જોગ જણાય છે.

...૨...

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |



**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૧/૧૨/૧૨ની મુળ અરજી આઈ.ડી.નં.૧૬૯૯ ના મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧ અને ૨ ની માંગણી સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીશ્રીએ તા.૧૮/૦૧/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૨૯૦ થી પુરી પાડેલ માહિતી શ્રી ગોવિંદભાઈ કે.વાઢેળ (કર્મ.નં.૩૪૬૮૬) કોઈ જાહેરાતના સંદર્ભે નિમણુંક પામેલ નથી. પરંતુ આઈ.ટી.રેફ.૨૯૨/૮૭ માં થયેલ સમાધાન અનુસાર શરતોને આધીન નિમણુંક પામેલ હોય, તેમની જાહેરાત સંદર્ભેની અરજી કે અરજી સાથેના ડોકયુમેન્ટ સંભવી શકે નહી. તે સ્વયં સ્પષ્ટ હકીકત છે તેથી માહિતી અધુરી અયોગ્ય કે અપારદર્શી હોવાની અરજદારની રજુઆત આધાર વિહોણી જણાય છે. સદર વિગત દર્શાવતા કચેરી હુકમ નં. જીએડી/ઈએસટી/૨૩૨૧ તા.૧૮/૧૨/૯૭ ની નકલ અરજદારને પુરી પાડવામાં આવેલ હોય, અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરતા દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૫૨૩૩
તા.૧૯/૦૩/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** નરેશભાઈ નાનજીભાઈ બથવાર, પ્રતિ.......જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૩૮/૧૨–૧૩**

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૩૦/૧૦/૧૨ની અરજી આઈ.ડી.નં.૧૪૭૮ના સંદર્ભે કરેલ અપીલ બાબત.
**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૪/૧૨/૧૨ની અપીલ અરજી નં. No.SMC/GAD/ FAP/38/12-13.

જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી(સેન્ટ્રલ ઝોન)ના તા.૫/૩/૧૩ના પત્ર નં.૩૪૦૧થી, અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૪/૧૨/૧૨ની અપીલ નં.૨૦૪ મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત હોવાનુ જણાવી સંપુર્ણપણે તબદીલ કરેલ છે. જે તા.૫/૩/૧૩ના રોજ પ્રાપ્ત થયેલ છે. સદરહું અપીલ સંદર્ભે અત્રેના અપીલ રજીસ્ટરમાં ચકાસણી કરતા મજકુર અરજદારની આ જ અપીલઅરજી સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતી અધિકારીના તા.૧૧/૧/૧૩ના પત્ર નં.૨૭૯૪ થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ થયેલ છે. જે અપીલ સેન્ટ્રલ ઝોનમાં અપીલ અરજી નં.૨૦૯થી નોંધાયેલી છે. તે સિવાયની અપીલની તમામ વિષય– વસ્તુ સમાન છે. આમ, તા.૧૧/૧/૧૩થી પત્ર નં.૨૭૯૪થી અને હાલમાં તા.૫/૩/૧૩ના પત્ર નં.૩૪૦૧થી નોંધાયેલી અપીલ અરજી નં.૨૦૪ એક જ અરજદારની એક જ અપીલ અરજી છે. જે અગાઉ અત્રેની કચેરીને મળેલી હતી. આ અપીલ બાબતે અરજદારની તા.૩૦/૧૦/૧૨ની મુળ અરજી આઈ.ડી.નં.૧૪૭૮ મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ નથી જેથી તે અંગેની અપીલ અરજી પણ મધ્યસ્થ મહેકામ વિભાગને તબદીલ કરવાની થતી ન હોવા છતાં ખોટી રીતે તબદીલ થયેલ હતી. જે તા.૨૪/૧/૧૩ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૪૩૯૦થી સેન્ટ્રલ ઝોનને પરત કરેલ હતી અને તેની જાણ અરજદારને પણ કરવામાં આવેલ હતી.

હવેથી આ જ અરજદારની આ જ અપીલ અરજી, અપીલ નંબર અલગ આપી ફરીથી અત્રે તબદીલ કરેલ છે. તે અંગે મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીને રૂબરૂ પૃચ્છા કરતા અરજદારની તા.૩૦/૧૦/૧૨ની મુળ અરજી આઈ.ડી.નં.૧૪૭૮, સેન્ટ્રલ ઝોન તરફથી તા.૨૫/૨/૧૩ના પત્ર નં.૩૩૦૬થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરાયેલ છે. તેની માહિતી અરજદારને પુરી પાડવા અંગેની કાર્યવાહી ચાલુ છે. અરજદારની મુળ અરજી અત્રે તબદીલ કર્યાની તા.૨૫/૨/૧૩ છે જયારે તેમની અપીલ અરજીની તા.૨૪/૧૨/૧૨ છે. આમ, અરજદારની મુળ અરજી મળે તે પહેલા અપીલ અરજી અત્રે પ્રાપ્ત થયેલ છે. વધુમાં અગાઉ આ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવેલ ત્યાં સુધીમાં પણ મુળ અરજી અત્રે મળેલ ન હતી.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૩૦/૧૦/૧૨ની મુળ અરજી આઈ.ડી.નં.૧૪૭૮ મધ્યસ્થ મહેકમ વિભાગને મળેલ ન હોવા છતાં સેન્ટ્રલ ઝોન તરફથી તેમને તે સંદર્ભેની અપીલઅરજી તબદીલ કરવામાં આવેલ હોવાથી તે સેન્ટ્રલ ઝોનને તા.૨૪/૧/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૪૩૯૦ થી પરત કરવામાં આવેલ છે. હવેથી અરજદારની ઉકત તા.૩૦/૧૦/૧૨ની મુળ અરજી તા.૨૫/૨/૧૩ ના પત્ર નં.૩૩૦૬થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. તે અંગેની માહિતી અરજદારને પુરી પાડવામાં આવે તે પહેલા અરજદારની અગાઉની તા.૨૪/૧૨/૧૨ની અપીલ અરજી તા.૫/૩/૧૩ના પત્રથી ફરીથી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. આથી સેન્ટ્રલ ઝોન તરફથી મધ્યસ્થ મહેકમ વિભાગને ગુમરાહ કરવામાં આવેલ છે. અરજદારને તેમની મુળ અરજીની મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત માહિતી અરજદારને પુરી પાડવામાં આવે તે પહેલા અગાઉની અપીલ અરજી અંગેની કોઈ કાર્યવાહી કરવાનું અસ્થાને હોય, અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે. મધ્યસ્થ મહેકમ કક્ષાએથી માહિતી પુરી પાડવામાં આવ્યા બાદ જો તેનાથી અરજદાર નારાજ હોય તો તે અંગે અપીલ કરવા અરજદાર સ્વતંત્ર રહેશે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૩૦/૧૦/૧૨ની મુળ અરજી આઈ.ડી.નં.૧૪૭૮ મધ્યસ્થ મહેકમ વિભાગને મળેલ ન હોવા છતાં સેન્ટ્રલ ઝોન તરફથી તેમને તે સંદર્ભેની અપીલઅરજી તબદીલ કરવામાં આવેલ હોવાથી તે સેન્ટ્રલ ઝોનને તા.૨૪/૧/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૪૩૯૦ થી પરત કરવામાં આવેલ છે. હવેથી અરજદારની ઉકત તા.૩૦/૧૦/૧૨ની મુળ અરજી તા.૨૫/૨/૧૩ ના પત્ર નં.૩૩૦૬થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. તે અંગેની માહિતી અરજદારને પુરી પાડવામાં આવે તે પહેલા અરજદારની અગાઉની તા.૨૪/૧૨/૧૨ની અપીલ અરજી તા.૫/૩/૧૩ના પત્રથી ફરીથી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. આથી સેન્ટ્રલ ઝોન તરફથી મધ્યસ્થ મહેકમ વિભાગને ગુમરાહ કરવામાં આવેલ છે. અરજદારને તેમની મુળ અરજીની મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત માહિતી અરજદારને પુરી પાડવામાં આવે તે પહેલા અગાઉની અપીલ અરજી અંગેની કોઈ કાર્યવાહી કરવાનું અસ્થાને હોય, અપીલ અરજી દફતરે કરવામા આવે છે. મધ્યસ્થ મહેકમ કક્ષાએથી માહિતી પુરી પાડવામાં આવ્યા બાદ જો તેનાથી અરજદાર નારાજ હોય તો તે અંગે અપીલ કરવા અરજદાર સ્વતંત્ર છે.

નં.જીએડી/ઇએસટી/ ૫૧૧૩
તા.૧૨/૦૩/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** નરેશભાઈ નાનજીભાઈ બથવાર, પ્રતિ...........જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |


## અપીલ અરજી નં.૩૯/૧૨–૧૩

**અરજદાર :** શ્રી જે.જી.દેવગણીયા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** અરજદારશ્રી જે.જી.દેવગણીયાની તા.૨૧/૦૧/૧૩ની અરજી આઈ.ડી.નં.૯૨૩ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૦૪/૦૩/૧૩ની અપીલ અરજી નં. No.SMC/GAD/ FAP/39/12-13.

અરજદાર શ્રી જે.જી.દેવગણિયાએ તા.૨૧/૧/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૯૨૩ થી સુરત મહાનગરપાલિકાના કર્મચારીને વિદેશ પ્રવાસ જતા પહેલા એન.ઓ.સી. મેળવવા અંગેની કુલ–૩ મુદ્દાઓથી માહિતી માંગેલ. જે કતારગામ ઝોનથી તા.૨૯/૧/૧૩ના પત્ર નં.૧૨૬૩ થી મધ્યસ્થ મહેકમ વિભાગને સંપુર્ણ તબદીલ થયેલ છે. સદર અરજી સંદર્ભે સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ જરૂરી કાર્યવાહી કરી નકલ ફી પેટે રૂા.૬/– ભરવા માટે અરજદારને તા.૧૯/૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૭૬૦ થી જાણ કરેલી છે. તે સંદર્ભે અરજદારે સદર નકલ ફી તા.૨૬/૨/૧૩થી રસીદ નં.૧૨૩૦૪ થી ભરી દેતા જાહેર માહિતી અધિકારીએ તા.૨૯/૨/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૪૮૭૮ થી માહિતી પુરી પાડેલી છે. જેમાં અરજદારને સરકારી કર્મચારીઓને પાસપોર્ટ મેળવવા માટે એન.ઓ.સી. આપવા અંગેના ગુજરાત સરકારશ્રીના પરિપત્ર નં.એનઓસી/૧૦૮૫/૧૨૧૩/જી–૨ તા.૨૧/૧/૮૬ની નકલ તેમજ મહેકમ વિભાગના પરિપત્ર નં.જીએડી/ઇએસટી/૮૬૯ તા.૩/૬/૦૮ની નકલ અરજદારને પુરી પાડેલ છે. સદર નિર્ણય અસંતોષકારક હોવાનું જણાવી, સંતોષકારક માહિતી પુરી પાડવા તા.૪/૩/૧૩થી અપીલ અરજી કરેલ છે.

અરજદાર મજકુરે તા.૨૧/૧/૧૩ની અરજી આઈ.ડી.નં.૯૨૩થી વિદેશ પ્રવાસ જતા પહેલા એન.ઓ.સી. મેળવવા મુખ્યત્વે કુલ કેટલા? કયા કયા પુરાવા મુકવાની જરૂર પડે છે તે કઈ જોગવાઈ અનુસાર મુકવાનું ઠરાવેલ છે. તે જોગવાઈઓની નકલ તેમજ એન.ઓ.સી. મેળવવામાં વિલંબ થતા કર્મચારીની નિયત સમયે વીઝા, ટીકીટ વગેરે આવી ગયેલ હોય અને નિયત સમયમાં એન.ઓ.સી. નહી મળે અને એન.ઓ.સી. વગર કર્મચારી વિદેશ જાય તો આગળની ઉપર કોની સામે કયા કયા પગલા લેવાની જોગવાઈ છે. તેવી નકલની માંગણી કરેલ છે. વધુમાં એન.ઓ.સી. ફાઈલ શરૂઆતથી અંત સુધીમાં કયા કયા કર્મચારી / અધિકારી પાસે જાય છે તેમજ એન્ટ્રી પડે છે. તેની વિગત માંગેલી છે. તે અનુસંધાનમાં સેકશન ઓફીસર અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૬/૨/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૪૮૭૮થી સરકારી કર્મચારીઓને પાસપોર્ટ મેળવવા માટે એન.ઓ.સી.આપવા માટેના ગુજરાત રાજ્ય સરકારના વહીવટી વિભાગના પરિપત્ર નં.એનઓસી/ ૧૦૮૫/૧૨–૧૩/જી–૨ તા.૨૧/૧/૧૯૮૬ની નકલ તેમજ તે સંદર્ભમાં મહેકમ વિભાગના પરિપત્ર નં.જીએડી/ ઇએસટી/૮૬૯ તા.૩/૬/૦૮ની નકલ અરજદારને પુરી પાડવામાં આવેલ છે. તેમજ એન.ઓ.સી. માટેની ફાઈલ અંગેની કાર્યવાહી સંદર્ભેની જાણ કરવામાં આવેલી છે.

ઉકત વિગતો ધ્યાને લેતા જણાય છે કે અરજદારે અપીલ લખવામાં જેટલી કાળજી રાખી છે તેટલી જ કાળજી અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પાડવામાં આવેલ સરકારીશ્રીના પરિપત્ર તેમજ સુરત મહાનગરપાલિકાના પરિપત્રની નકલોનો શાંતીથી કાળજીપુર્વકનો અભ્યાસ કરવામાં લીધી હોત તો આ અપીલ અરજી કરવાની જરૂરીયાત રહી ન હોત. પરિપત્રોમાં પાસપોર્ટ કઢાવવા માટે કયા કયા ડોકયુમેન્ટની જરૂરીયાત રહે છે. તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે. પાસપોર્ટ કઢાવવા સંદર્ભેનો સુરત મહાનગરપાલિકાના તા.૩/૬/૦૮ ના પરિપત્રના અ.નં.૮ થી "વિદેશ જવાના પ્રસંગે રજા મંજુરી મેળવીને જવા તેમજ રજાની મુદત પુરી થયેથી ફરજ ઉપર જોડાવા અંગેનું સબંધિત કર્મચારીનુ બાંહેધરીપત્રક મેળવવાનુ પણ સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે. જેથી જણાય છે કે કર્મચારી / અધિકારીને પાસપોર્ટ મળ્યેથી વિદેશ જવાનું નથી પરંતુ તે માટે જે સંસ્થામાં નોકરી કરતા હોય તે સંસ્થાની વિદેશ પ્રવાસ જતા પહેલા પુર્વમંજુરી મેળવવાની રહે છે અને તેવી રજાની મુદત પુરી થયેથી પુનઃ ફરજ પર હાજર થવાનું રહે છે. આમ પાસપોર્ટ કઢાવવા, તેમજ તે પાસપોર્ટના આધારે વિદેશ જવા પુર્વમંજુરી મેળવવા સંદર્ભે સંસ્થાનુ એન.ઓ.સી. મેળવવાનુ રહે જ છે અને તે અરજદારને પુરી પાડેલ નકલોમાં સ્પષ્ટ પણે જણાવેલ છે. વધુમાં વિદેશ પ્રવાસ જવા માટે કર્મચારી / અધિકારી જયારે વીઝા મેળવે છે ત્યારે તે વીઝા મુજબ પરદેશ જવા માટે ચોકકસ સમયમર્યાદા જણાવવામાં આવેલ હોય છે અને તે સમય મર્યાદામાં અધિકારી / કર્મચારીઓએ જે સંસ્થામાંથી નોકરી કરતા હોય તેનુ એન.ઓ.સી મેળવવાનુ હોય છે જે સમયમર્યાદામા અધિકારી / કર્મચારી એન.ઓ.સી. મેળવી શકે છે. (એન.ઓ.સી.વગર વિદેશ જઈ શકાય નહી) જેથી એન.ઓ.સી. વગર કર્મચારી / અધિકારી વિદેશ પ્રવાસે જવાનું કે વિદેશ પ્રવાસ રદ કરવા જેવી રજુઆત બેબુનિયાદ પાયા વિનાની અને સમજણ વગરની જણાય છે. એવા સજોગોમાં અરજદારની અરજી અંગે વિશેષ કશું ન કરતા દફતરે કરવા જોગ જણાય છે.

...૨...

| | | | | |
|---|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ<br>ટેલીફોન નંબર | : 91-0261-2422110<br>: 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |



**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી જે.જી.દેવગણીયાની તા.૨૧/૦૧/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૯૨૩ ના સંદર્ભે સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીશ્રીએ તા.૨૬/૦૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૮૭૮ થી  માહિતી પુરી પાડેલ છે. જેમા અરજદારે માંગેલ માહિતીનો સંપુર્ણ સમાવેશ થઈ જાય છે. તેમછતાં આ બાબત અરજદારને કોઈ ગુંચ હોય તો જાહેર માહિતી અધિકારીનો રૂબરૂ સંપર્ક કરી માહિતગાર થવા અરજદાર સ્વતંત્ર છે. આમ  અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરતા દફતરે કરવામાં આવે  છે.

નં.જીએડી/ઇએસટી/૧૫
તા.૦૧/૦૪/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ  ઓફિસર (મહેકમ)**
**અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :**   જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :**   શ્રી જે.જી.દેવગણીયા, પ્રતિ.....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૪૦/૧૨–૧૩**

**અરજદાર :** શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલની તા.૦૨/૦૨/૧૩ની અરજી આઈ.ડી.નં.૨૦૧૯ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૬/૦૩/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/40/12-13.

અરજદાર શ્રી સોલંકી ધનસુખલાલ કનૈયાલાલએ તા.૦૨/૦૨/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૨૦૧૯ થી નામ.ગુજરાત હાઈકોર્ટમાં દાખલ સ્પે.સી.એ.નં.૧૩૪૧૧/૨૦૧૨ અંગેના તા.૧૦/૧૦/૧૨ના હુકમ સંદર્ભેની અરજદારની તા.૦૧/૦૧/૧૩ની માન.કમિશ્નરશ્રી સમક્ષની પ્રેઝન્ટેશનની અરજી અંગે કોઈ પ્રત્યુત્તર મળેલ નહી હોવાથી તે અરજી અંગે થયેલ કાર્યવાહી તેમજ લીધેલ નિર્ણય બાબતની માહિતી માંગેલી છે. જે સેન્ટ્રલ ઝોનના તા.૧૧/૦૨/૧૩ના પત્ર નં.૩૧૩૭ થી મધ્યસ્થ થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ થયેલ છે. સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ આ અરજી અંગે કાર્યવાહી કરી માહિતીની નકલ મેળવવા માટે અરજદારને તા.૨૨/૦૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૮૨૯ થી નકલ ફી ભરવા જણાવેલ. અરજદારે તે સંદર્ભે તા.૧૨/૦૩/૧૩ની રસીદનં.૬૯૬૮૪ થી રૂા.૨/– ફી ભરેલી હોવાથી સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૨/૦૩/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૧૧૨થી માહિતી પેટે અરજદારની માન.કમિશ્નરશ્રીની તા.૦૧/૦૧/૧૩ની અરજી અન્વયે થયેલ કાર્યવાહીની જાણ તા.૦૮/૦૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/ ૪૫૮૭ ના પ્રત્યુત્તર થી અરજદારને કરેલ છે. તેની નકલ અરજદારને પુરી પાઠેલ છે. આમ, અરજદારની માંગણી મુજબની માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ છે.

અરજદારે સદરહુ અરજી સંદર્ભેની અપીલ અરજીમાં કાયદા ખાતાના જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી એસ.એસ. ખતીબ તરફથી પુરી પડાયેલ માહિતી અપુરતી અને અસંતોષ કારક અને માંગેલી માહિતી સાથે બંધ બેસતી નહી આપેલ હોવાથી નારાજ થઈ અપીલ કરી હોવાનું જણાવેલ છે. જેમા મધ્યસ્થ મહેકમ વિભાગ વિભાગ તરફથી પુરી પાડેલી માહિતીથી નારાજ હોવાનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. તેમછતાં મુળ અરજી સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી પણ માહિતી પુરી પાડવામાં આવેલ હોવાથી તેમજ અરજદારની અપીલ અરજી મધ્યસ્થ મહેકમ વિભાગને પણ તબદીલ કરેલ હોવાથી આ અંગે સ્પષ્ટતા કરવાના હેતુસર તેમની અપીલ અરજી અંગે વિશેષ કાંઈ ન કરતા તેનો નિકાલ માટે દફતરે કરવાનું ઉચિત જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી સોલંકી ધનસુખલાલ કનૈયાલાલએ તા.૦૨/૦૨/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૨૦૧૯ અન્વયેની માંગણી સંદર્ભે સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૨/૩/૧૩ના પત્ર નં.જીએડી/ઇએસટી/૫૧૧૨ થી નિયમાનુસાર માહિતી પુરી પાડવામાં આવેલ છે. તેનાથી અરજદાર નારાજ નથી, જેથી તેમની અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનું રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૧૮૨
તા.૦૯/૦૪/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના :** શ્રી સોલંકી ધનસુખલાલ કનૈયાલાલ, પ્રતિ.......જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૪૧/૧૨–૧૩**

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૪/૧૨/૧૨ની અરજી આઈ.ડી.નં.૧૭૧૮ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૫/૦૩/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/ FAP/41/12-13.

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે તા.૨૪/૧૨/૧૨ની અરજી આઈ.ડી.નં.૧૭૧૮ થી ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટશ્રી પાસે ગાર્ડન સુપરવાઈઝર શ્રી કિરણકુમાર ડી.દેસાઇ સંદર્ભે કુલ ૪ મુદ્દાઓથી માહિતી માંગેલી છે. જે ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન)ના તા.૨૮/૧૨/૧૨ના પત્ર નં.૨૬૩૪ થી વીજીલન્સ વિભાગ મધ્યસ્થ , મહેકમ વિભાગ, રીક્રુટમેન્ટ, ગાર્ડન વિભાગ અને કલેકટરશ્રી, નાનપુરાને તબદીલ થયેલી છે. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૮/૧૨/૧૨ના રોજ પ્રાપ્ત થયેલ છે. તે અરજી સંદર્ભેની મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧ " ગાર્ડન સુપરવાઈઝર અનુભવના બોગસ પ્રમાણપત્રના આધારે હાલમાં શ્રી કિરણકુમાર ડી.દેસાઈ પોતાના પરિવારના નામે ૩ પેટ્રોલપંપ ધરાવે છે જે પેટ્રોલપંપની જગ્યા અને મુડી– રકમ કયાંથી ? કેવી રીતે મેળવી જે અંગેની માહિતીની નકલ" માંગેલી છે. તેની મિલ્કત અંગેના પ્રફોર્મા નં.૧ અંગેની આંશિક માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત જણાતા સેકશન ઓફિસરશ્રી(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૯/૦૩/૧૩ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૩૦૭ થી સુરત મહાનગરપાલિકાના કર્મચારી અધિકારીઓ તેઓની મિલ્કત અંગેના ફોર્મ રજુ કરે છે. તે " વ્યકિતના અંગત જીવનમાં અંગત જીવનને લગતી હોય તેવી માહિતી વિશાળ હિતમાં પ્રગટ કરવી યોગ્ય છે. તેવી જાહેર માહિતી અધિકારીને ખાત્રી થાય તે સિવાય કોઈ જાહેર ગતિવિધિ અથવા જાહેર હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી અંગત જાણકારીને લગતી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહિ. " તેવી આરટીઆઈ એકટની કલમ ૮(૧) (ઠ) ની જોગવાઈ હેઠળની હોવાનુ જણાવેલ છે. વધુમાં આવી વિગતની વધુ જાણકારી માટે અરજદારને નામ. સુપ્રિમકોર્ટના કેસ નં.એસ.એલ.પી.(સીવીલ)નં.૨૭૭૩૪/૨૦૧૨ ના જજમેન્ટજી પ્રિન્ટઆઉટની નકલ પણ પુરી પાડેલ છે.

ઉપરોક્ત સઘળી હકીકતોને ધ્યાને લેતા જણાય છે કે, અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૪/૧૨/૧૨ની મૂળ અરજી આઈ.ડી.નં.૧૭૧૮ સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧ ની આંશિક માહિતી પેટે કર્મચારીની મિલ્કતના ફોર્મ સંદર્ભેની માહિતી આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ)ની જોગવાઈ મુજબ ની હોવા અંગેના સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીનો નિર્ણય યોગ્ય જણાય છે. વધુમાં આ અંગે વધુ જાણકારી માટે નામ. સર્વોચ્ચ અદાલતના કેસ નં.એસ.એલ.પી. (સીવીલ)નં.૨૭૭૩૪/૨૦૧૨ના જજમેન્ટની પ્રિન્ટ આઉટની નકલ પણ અરજદારને પુરી પાડવામાં આવેલ હોય, અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરતા તે દફતરે કરવાજોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૪/૧૨/૧૨ની મૂળ અરજી આઈ.ડી.નં.૧૭૧૮ સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧ ની આંશિક માહિતી પેટે કર્મચારીની મિલ્કતના ફોર્મ સંદર્ભેની માહિતી આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ)ની જોગવાઈ મુજબ ની હોવા અંગેના સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીનો નિર્ણય યોગ્ય જણાય છે. વધુમાં આ અંગે વધુ જાણકારી માટે નામ. સર્વોચ્ચ અદાલતના કેસ નં.એસ.એલ.પી. (સીવીલ)નં.૨૭૭૩૪/૨૦૧૨ના જજમેન્ટની પ્રિન્ટ આઉટની નકલ પણ અરજદારને પુરી પાડવામાં આવેલ હોય, અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરતા તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/ ૧૦૨
તા.૦૫/૦૪/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, પ્રતિ......જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |


**અપીલ અરજી નં.૪૨/૧૨–૧૩**

**અરજદાર :** શ્રી મુન્શી સીરાજ મુશાભાઈ
**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી સ મુન્શી સીરાજ મુશાભાઈની તા.૦૬/૦૨/૧૩ની અરજી આઈ.ડી.નં.૨૦૬૨ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૩/૦૩/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/42/12-13.

અરજદારશ્રી મુન્શી સીરાજભાઈ મુશાભાઈએ તા.૦૬/૦૨/૧૩ની મૂળ અરજી આઈ.ડી.નં.૨૦૬૨ થી, સેન્ટ્રલ ઝોનના વડા શ્રી મોહનભાઈ દારૂવાલા તેમજ તેમના કુટુંબીજનોના વિદેશ પ્રવાસ તેમની સ્થાવર જંગમ મિલ્કત, તેમના બેંકના ખાતા તેમજ તેમના સંતાનો વિદેશમાં અભ્યાસ કરે છે કે કેમ? કયા દેશમાં વિગેરે વિગતોની માહિતી માંગેલી. જે સેન્ટ્રલ ઝોનથી તા.૦૮/૦૨/૧૩ના પત્ર નં.૩૧૦૬ થી રોડ ડેવલોપમેન્ટ વિભાગ અને મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ થયેલી તે તા.૧૧/૦૨/૧૩ના રોજ મધ્યસ્થ મહેકમ વિભાગને પ્રાપ્ત થયેલી. સેકશન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ જરૂરી કાર્યવાહી કરી તા.૨૨/૦૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૮૦૭ થી નકલ ફી ભરવા માટે અરજદારને જાણ કરેલી તે મુજબની અરજદારે તા.૧૧/૦૩/૧૩ની રસીદ નં.૬૯૬૭થી જરૂરી ફી ભરતા, સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીશ્રીએ તા.૧૧/૦૩/૧૩ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૦૭૯થી માહિતી પુરી પાડેલી છે. જાહેર માહિતી અધિકારીએ માહિતી આપવામાં બેદરકારી સુપ્રિમકોર્ટના ચુકાદા, આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ) જેવા વાંધા રજુ કરી, અરજદારને આયોજન પુર્વક ઈરાદા પુર્વક ગેરમાર્ગે દોરવાનો ભરપુર પ્રયત્ન કરેલ છે. એવુ જણાવી અત્યંત નારાજ, અસંતુષ્ટ અને પ્રભાવિત થઈ પ્રથમ અપીલ અરજીથી માંગેલી માહિતી સ્પષ્ટ યોગ્ય અને પારદર્શી પુરી પાડવા વિનંતી કરેલ છે.

અરજદારે માંગેલી કુલ ૮ મુદ્દાઓની માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને મુદ્દા નં.૧,૬ અને ૮ ની વિગત લાગુ પડે છે. મુદ્દા નં.૧ થી "સરકારશ્રીના નિયમાનુસાર શ્રી દારૂવાલાની હાલમાં સરકારી રેકર્ડ ઉપર બોલતી મિલ્કતોની વિસ્તારથી માહિતી માંગેલી છે. જયારે મુદ્દા નં.૬ થી શ્રી દારૂવાલા તેમજ કુટુંબીજનોના નામે બોલાતી મિલ્કતો તેમજ સોનું, ચાંદી, રોકડ તેમજ ટુ વ્હીલર, ફોર વ્હીલર ગાડીઓ કુટુંબીજનો તેમજ પોતાના નામે હોય તો તેની વિગત" માંગેલી છે. તે સંદર્ભે સેકશન ઓફિસરશ્રી(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીશ્રીએ "શ્રી એમ.ડી. દારૂવાલાએ રજુ કરેલ ૩૧ ડીસેમ્બર ૧૧ ની સ્થિતિએ સ્થાયી મિલ્કત અંગેનું પત્રક રેકર્ડ ઉપર છે પરંતુ તે આરટીઆઈ એકટની કલમ ૮ (૧) (ઠ) મુજબ ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી અંગત જાણકારીને લગતી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહી" તે જોગવાઈઓ હેઠળ સદર માહિતી પુરી પાડવામાં આવેલ નથી. તે જોગવાઈઓની વિસ્તૃત જાણકારી માટે નામ.સુપ્રિમ કોર્ટના લીવ પીટીશન(સીવીલ) નં.૨૭૭૩૪/૧૨ના તાજેતરના ચુકાદાની નકલ અરજદારને અવલોકન અર્થે પુરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૮ "શ્રી મોહન દારૂવાલા જે પ્રમાણપત્રોના આધારે નોકરીએ લાગ્યા તેની પ્રમાણિત નકલો માંગેલી તે અંગે" શ્રી એમ.ડી.દારૂવાલા સુરત મહાનગરપાલિકામાં સુપરવાઈઝર તરીકે તા.૦૧/૦૯/૭૭ થી જોડાયા હતા. હાલના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા તેઓના શૈક્ષણિક લાયકાત/અનુભવના દસ્તાવેજી પુરાવાઓની નકલ મળી આવેલ નથી. પરંતુ એકઝી.એન્જી.ની જગ્યા માટે આવેલ અરજીઓની સીનોપ્સીસ ૧૯૯૬–૯૭ ના લાગત પાનાની નકલ કે જેમા તેઓની લાયકાત સંબંધી માહિતી દર્શાવવામાં આવેલ છે. તેની નકલ પુરી પાડેલ છે.

ઉપરોકત હકીકત ઘ્યાને લેતા અરજદારશ્રીની તા.૦૬/૦૨/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૨૦૬૨ થી માંગેલ કુલ ૮ મુદ્દાઓની માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧,૬ અને ૮ પૈકી મુદ્દા નં.૧ અને ૬ થી માંગેલી શ્રી મોહન દારૂવાલાની રેકર્ડ ઉપરઉપલબ્ધ મિલ્કતો અંગેની માહિતી આરટીઆઈ એકટ–૨૦૦૫ની કલમ ૮(૧)(ઠ)ની જોગવાઈઓ હેઠળની હોવાથી પુરી પાડી શકાય તેમ નહી હોવાનો જાહેર માહિતી અધિકારીનો નિર્ણય યોગ્ય જણાય છે. જયારે મુદ્દા નં.૮ થી માંગેલી શૈક્ષણિક લાયકાત અનુભવ અંગેની માહિતી દસ્તાવેજી પુરાવાની નકલ મળી આવેલ નહી હોવાથી તેમની એકઝી.એન્જીનીયરની જગ્યા માટે આવેલ અરજીઓની સીનોપ્સીસ ૧૯૯૬–૯૭ ના લાગત પાના કે જેમા તેઓની લાયકાત સંબંધી માહિતી દર્શાવેલ છે. તેની નકલ સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૧/૦૩/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૦૭૯ થી પુરી પાડેલ છે. આમ જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ માહિતી કાયદાની મર્યાદામાં રહી પુરી પાડેલ હોય "જાહેર માહિતી અધિકારીએ માહિતી આપવામાં બેદરકારી આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ) જેવા વાંધા રજુ કરી ઈરાદા પુર્વક ગેરમાર્ગે દોરવાનો ભરપુર પ્રયાસ કરવાની" અરજદારની રજુઆતમાં કોઈ તથ્ય જણાતુ નથી તે ઘ્યાને લઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરતા તે દફતરે કરવાનુ ઉચિત જણાય છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,<br>સુરત – ૩૯૫ ૦૦૩. |

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી મુન્શી સીરાજ મુશાભાઈની તા.૦૬/૦૨/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૨૦૬૨ થી માંગેલ કુલ ૮ મુદ્દાઓની માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧,૬ અને ૮ પૈકી મુદ્દા નં.૧ અને ૬ થી માંગેલી શ્રી મોહન દારૂવાલાની રેકર્ડ ઉપરઉપલબ્ધ મિલ્કતો અંગેની માહિતી આરટીઆઈ એકટ–૨૦૦૫ની કલમ ૮(૧)(ઠ)ની જોગવાઈઓ હેઠળની હોવાથી પુરી પાડી શકાય તેમ નહી હોવાનો જાહેર માહિતી અધિકારીનો નિર્ણય યોગ્ય જણાય છે. જયારે મુદ્દા નં.૮ થી માંગેલી શૈક્ષણિક લાયકાત અનુભવ અંગેની માહિતી દસ્તાવેજી પુરાવાની નકલ મળી આવેલ નહી હોવાથી તેમની એકઝી.એન્જીનીયરની જગ્યા માટે આવેલ અરજીઓની સીનોપ્સીસ ૧૯૯૬–૯૭ ના લાગત પાના કે જેમા તેઓની લાયકાત સંબંધી માહિતી દર્શાવેલ છે. તેની નકલ સેકશન ઓફિસર(મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૧/૦૩/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૦૭૯ થી પુરી પાડેલ છે. આમ જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ માહિતી કાયદાની મર્યાદામાં રહી પુરી પાડેલ હોય "જાહેર માહિતી અધિકારીએ માહિતી આપવામાં બેદરકારી આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ) જેવા વાંધા રજુ કરી ઈરાદા પુર્વક ગેરમાર્ગે દોરવાનો ભરપુર પ્રયાસ કરવાની" અરજદારની રજુઆતમાં કોઈ તથ્ય જણાતુ નથી તે ધ્યાને લઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરતા તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૨૬૨
તા.૧૫/૦૪/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી મુન્શી સીરાજ મુશાભાઈ, પ્રતિ.........જાણ માટે.

RIGHT TO INFORMATION

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,
સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૪૩/૧૨–૧૩**

**અરજદાર :** શ્રી સુરેશભાઈ એમ.પટેલ
**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી સુરેશભાઈ એમ.પટેલની તા.૨૩/૦૧/૧૩ની અરજી આઈ.ડી.નં.૧૯૪૬ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૩/૦૩/૧૩ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/43/12-13.

અરજદારશ્રી સુરેશ એમ.પટેલએ તા.૨૩/૦૧/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૧૯૪૬થી, સાતેય ઝોનના જાહેર માહિતી અધિકારી પાસે કુલ બે મુદ્દાઓથી માહિતી માંગેલી, જે સેન્ટ્રલ ઝોનના તા.૨૮/૦૧/૧૩ના પત્ર નં.૨૯૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગને પ્રાપ્ત થયેલ છે. આ જ અરજી તા.૦૨/૦૨/૧૩ના રોજ પણ ફરીથી પ્રાપ્ત થયેલ છે. અરજીના મુદ્દા નં.૨ " મુદ્દા નં.૧ માં જણાવ્યા મુજબ ૭ વર્ષથી વધુ સમયથી જે કર્મચારી એક જ વોર્ડમાં ફરજ બજાવે છે. તેની બદલી કયા કારણસર ન કરવામાં આવી અને તે અધિકારી ઉપર બી.પી.એમ.સી.એકટની કલમ મુજબ શું કાર્યવાહી કરી શકાય તેની સંપુર્ણ માહિતી માંગેલી " તેની મધ્યસ્થ મહેકમની લાગત આંશિક માહિતી પેટે " સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓની બદલી અંગે કોઈ અલાયદા નિયમો ધડવામાં આવેલ નથી. પરંતુ અત્રેના વિભાગ હસ્તકના મહેકમ શીડયુલ પર ફરજ બજાવતા જુદી જુદી કેડરના કર્મચારી/અધિકારીઓની બદલી અંગે ખાતાકીય રીપોર્ટના અનુસંધાનમાં તથા વહીવટી સરળતા ખાતર સમયાંતરે સક્ષમ સત્તાના આદેશો હેઠળ જરૂરી કચેરી હુકમો કાઢવામાં આવે છે " તે મુજબની માહિતી સેકશન ઓફિસર(મહેકમ)અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૮/૦૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૭૧૩થી પુરી પાડેલ છે. અરજદારે કરેલ અપીલમાં મુદ્દા નં.૨ની માહિતી સાતેય ઝોન તરફથી આપવામાં આવી નથી. એવુ જણાવેલ છે. જેથી મધ્યસ્થ મહેકમ વિભાગના જવાબથી નારાજ થયેલ હોવાનુ જણાતુ નથી.

ઉપરોક્ત સધળી હકીકત ધ્યાને લેતા અરજદાર સુરેશ એમ.પટેલની તા.૨૩/૦૧/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૧૯૪૬થી માંગેલી માહિતી પૈકી મુદ્દા નં.૨ ની લાગત આંશિક માહિતી સેકશન ઓફિસર(મહેકમ ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૮/૦૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/ ૪૭૧૩ થી પુરી પાડેલી છે. અને તેનાથી અરજદાર નારાજ હોવાનુ જણાતુ નથી. પરંતુ સાતેય ઝોન તરફથી માહિતી આપવામાં આવેલ નથી. તેનાથી નારાજ થયેલ હોય, મધ્યસ્થ મહેકમ કક્ષાએથી અપીલ અંગે કશું કરવાનું રહેતુ ન હોય, અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરતા તે દફતરે કરવાનુ ઉચિત જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર સુરેશ એમ.પટેલની તા.૨૩/૦૧/૧૩ની મુળ અરજી આઈ.ડી.નં.૧૯૪૬થી માંગેલી માહિતી પૈકી મુદ્દા નં.૨ ની લાગત આંશિક માહિતી સેકશન ઓફિસર(મહેકમ ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૮/૦૨/૧૩ના પત્ર નં.જીએડી/ઈએસટી/ ૪૭૧૩ થી પુરી પાડેલી છે. અને તેનાથી અરજદાર નારાજ હોવાનુ જણાતુ નથી. પરંતુ સાતેય ઝોન તરફથી માહિતી આપવામાં આવેલ નથી. તેનાથી નારાજ થયેલ હોય, મધ્યસ્થ મહેકમ કક્ષાએથી અપીલ અંગે કશું કરવાનું રહેતુ ન હોય, અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરતા તે દફતરે કરવામાં આવે છે.

નં.જીએડી/ઇએસટી/૨૯૦
તા.૧૬/૦૪/૨૦૧૩

**(બી.આઈ.દેસાઈ)**
**પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**અને અપીલ અધિકારી ,**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી સુરેશ એમ.પટેલ પ્રતિ.........જાણ માટે.